પ્રશ્નોત્ર ભૂગોળ વિદ્યા.

નકલ ૧૦૦૦

બાળકોનેમાટે છપાવનાર તથા વેચનાર મુંબઇના
કાળકા દેવીને રસ્તે રામવાડીપાશે

ઇશવરદાશની કુંપની

આવૃત્તિ પેહલી

મુંબઇ
એશિયાટિક પ્રીન્ટિગ પ્રેસ.

સને ૧૮૭૫.

કીંમત આના ચાર.

પ્રશ્નોત્ર ભૂગોળ વિદ્યા.

સવાલ—ભૂગોળ વિદ્યા એટલે શું?

જવાબ—ભૂગોળ વિદ્યા એ પૃથ્વિનું વર્ણન છે.

સ૦—પૃથ્વિનો આકાર કેહેવો છે; તેની સાબેતીસુ?

જ૦—પૃથ્વિનો ગોળાકાર છે; તેની સાબેતી એજે જે લોકો વહાણમાં બેશી, પૃથ્વિની પ્રદક્ષિણા કરેછે, તેઓ જે જગ્યાથી નીકળ્યા હોયછે, તેજ જગ્યાએ ફરીને પાછા આવેછે.

સ૦—પૃથ્વિનો વ્યાસ કેટલો છે?

જ૦—નજદીક આઠ હજાર મૈલ છે.

સ૦—પૃથ્વિનો ઘેરાવો તથા ક્ષેત્રફળ કેટલો છે?

જ૦—ઘેરાવો આસરે પચિસ હજાર મૈલ છે; ક્ષેત્રફળ વિશ કરોડ મૈલછે.

સ૦—પૃથ્વિ અને આકાશ શ્યા આધારે છે?

જ૦—તે સૂર્ય, ચંદ્ર, સીતારાની માફક હવામાં તરેછે.

સ૦—દીવશ ને રાત્ર શ્યાથી થાયછે?

જ૦—પૃથ્વિ ચોવિસ કલાકમાં એકવાર ફરેછે તેથી.

સ૦—પૃથ્વિની કેઈ દિશ્યાએ દીવશ હોયછે?

જ૦—જે દિશ્યાએ સૂર્ય હોયછે ત્યાં.

સ૦—કેઈ દિશ્યાએ રાત્ર હોયછે?

જ૦—જે દિશ્યાથી સૂર્ય દૂર હોયછે ત્યાં.

સ૦—પૃથ્વિ સૂર્યની આસપાસ કેટલા વખતમાં જાયછે?

જ૦—૩૬૫¼ દીવસ અથવા એક વર્ષમાં.

સ૦—પૃથ્વિ સૂર્યથી કેટલી દૂરછે?

જ૦—(નવકરોડ ને વીસલાખ મૈલ.)

સ૦—પૃથ્વિથી સૂર્ય કેટલો મોહટોછે, અને તેની ખાશિયત તથા તેની ઉત્તપત્તી કેહવીછે.? અને તેને જન્મમરણ છે?

જ૦—તે નજદીક તેરલાખ ઘણો મોહટો છે; તેની ખશિયત આત્તશીછે, તેથી જમીન, ઝાડ પાનને તથા સર્વ પ્રાણીઓને ગરમી આપી તેનું રક્ષણ કરેછે: તેની ઉત્તપત્તી દુન્યાની સાથે છે પણ કોઈ માણસ કે દેવ, પીર, પેગમબર નીપેઠે તેને જન્મ મરણ નથી, તે આદી અનાદી કાયેમછે.

સ૦—પૃથ્વિની આસપાસ ચંદ્ર કેટલા વખતમાં જાયછે અને તેની ખાશિયત કેહવીછે?

જ૦—આસરે. ૨૮ દિવસમાં જાયછે, અને તેની ખાશિયત શીત્તલ છે તેથી સર્વેને સાંત્તી કરેછે.

સ૦—ચંદ્ર કરતાં પૃથ્વિ કેટલી મોહટી છે?

જ૦—નજદીક પચાસ ઘણી વધારે છે.

સ૦—પૃથ્વિથી ચંદ્ર કેટલે અંતરે છે?

જ૦—આસરે બે લાખને ચાલીસ હજાર મૈલ.

સ૦—સૂર્યની આસપાસ જે પદાર્થો ફરેછે તેને શું કહેછે?

જ૦—ગૃહો. (સીતારા)

સ૦—આપણે કીયા ગૃહ ઊપર રહીએ છીએ?

જ૦—(મંગળ) પૃથ્વિ ઉપર.

સ૦—કેટલા ગૃહો અગાઉથી શોધી કાઢવામાં આવ્યાછે?

જ૦—એકસોથી વધારે.

સ૦—સૂર્યની અતિશય નજદીક કયો ગૃહછે?

જ૦—બુધ.

સ૦—સઘળેથી ચલકતો ગૃહ કિયોછે?

જ૦—શુક્ર, તે શવારને સાંહજનો તારોછે.

સ૦—સઘળેથી મોહટો ગૃહ કિયોછે?

જ૦—બૃહસ્પતિ.

સ૦—મંડળોની વચમાં આવેલો ગૃહકીયોછે?

જ૦—શનિ.

સ૦—પૃથ્વિની સપાટીના ચિત્રને શું કહેછે?

જ૦—નકસો.

સ૦—નકસાનો કિયો ભાગ ઊત્તર દિશ્યાછે?

જ૦—મથાળા તરફનો.

સ૦—દક્ષિણ દિશ્યા તરફ શું છે?

જ૦—નિચેનો ભાગ.

સ૦—જમણા હાથ તરફ શું છે?

જ૦—પૂર્વદિશ્યા.

સ૦—ડાબા હાથ તરફ શું છે?

જ૦—પશ્ચિમ દિશ્યા.

સ૦—પૃથ્વિનો કેટલો ભાગ પાણીથી ઢંકાયલો છે?

જ૦—નજદીક ત્રણ ચતુર્થાંશ.

સ૦—જમીનના મુખ્ય ભાગો કિયાછે?

જ૦—ખંડો, બેટો, ટાપુઓ, અને ભૂશિર.

સ૦—ખંડ એટલે શું?

જ૦—જમીનનો ઘણો મ્હોટો ભાગ તે ખંડ.

સ૦—બેટ એટલે શું?

જ૦—જે જમીનને ચારે બાજુએ સમુદ્ર કે નદી હોયછે તે બેટ.

સ૦—ભૂશીર એટલે શું?

જ૦—જે જમીનનો એક છેડો અણી જેવો સમુદ્રમાં ગયેલો હોય તે ભૂશીર.

સ૦—પાણીના મુખ્ય ભાગો કીયાછે?

જ૦—માહાસાગરો, સમુદ્રો, તલાવો, સમુદ્રધુનીઓ, અને નદીઓ.

સ૦—માહાસાગર એટલે શું?

જ૦—ખારા પાણીનો મ્હોટો સમુદ્ર તે માહાસાગર.

સ૦—સમુદ્ર એટલે શું?

જ૦—માહાસાગરથી નાહનો ભાગ, ખારા પાણીનો તે સમુદ્ર.

સ૦—સમુદ્રધુની એટલે શું?

જ૦—જે સાંકડો પાણીનો ભાગ બે સમુદ્રને સાંધેછે તે સમુદ્રધુની.

સ૦—કિયા બે મહોટા ભાગોમાં પૃથ્વિ વેહેચાયલીછે?

જ૦—પૂર્વ ગોળાર્ધ ને પશ્ચિમ ગોળાર્ધમાં.

સ૦—જમીનના પાંચ મોહોટા ભાગ કિયાછે?

જ૦—એશિયા, યુરપ, આફ્રિકા, અમેરિકા, અને ઓશિન્યા.

સ૦—ઓશિન્યામાં શું આવેલું છે?

જ૦—ઑસ્ટ્રેલિયાનો મોહોટો ટાપુ અને પાસિફિક માહાસાગર-પર આવેલા નાહાના ટાપુઓ.

સ૦—પાંચ મોહોટા માહાસાગર કિયાછે ?

જ૦—પાસિફિક, હિંદિ, આટલાંટિક, ઉત્તર અને દક્ષિણ માહાસાગર.

સ૦—દુન્યામાં સઊથી મોહોટો માહાસાગર છે તે કયાં આવેલોછે ?

જ૦—પસિફિક માહાસાગર એશિયા અને અમેરીકાની વચે છે.

સ૦—હિંદિ માહાસાગર કયાં આવેલો છે?

જ૦—હિંદિ માહાસાગર એશિયાની દક્ષિણે આવેલોછે.

સ૦—આટલાંટિક માહાસાગર કયાં આવેલો છે ?

જ૦—અમેરીકાને યુરપ અને આફરિકાથી આટલાંટિક માહાસાગર જુદા પાડેછે.

(એશિયા) હિંદુસ્તાન.

સ૦—પૃથ્વિના કિયા ભાગમાં હિંદુસ્તાન છે, અને તેની હદ શુ છે ?

જ૦—હિંદુસ્તાન, એશિયાની દક્ષિણેછે.

સ૦—હિંદુસ્તાનની ઊત્તરે શું આવેલું છે?

જ૦—હિમાલય પર્વત, ટીબેટ અને તરકીસતાન છે.

સ૦—પૂર્વદિશાએ શું આવેલુંછે ?

જ૦—બ્રહ્મદેશ તથા બંગાળનો અખાત.

સ૦— દક્ષિણે શું છે ?

જ૦—હિંદિ માહાસાગર.

સ૦—પશ્ચિમે શું છે ?

જ૦—અરબી સમુદ્ર, બલૂચિસ્તાન તથા અફગાનીસ્તાન.

સ૦—ઊત્તરથી તે દક્ષિણ સુધી હિંદુસ્તાનની લંબાઈ અને ક્ષેત્રફળ કેટલીછે ?

જ૦—લંબાઈ આસરે ૧૯૦૦ તથા ક્ષેત્રફળ ૧૪૭૬૦૦૦ મૈલ.

સ૦—પૂર્વ થીતે પશ્ચિમ સુધી હિંદુસ્તાનની પોહોળાઇ અને વસ્તી કેટલુંછે?

જ૦—પોહળાઈ આસરે ૧૫૦૦ મૈલ, સને ૧૮૬૨ માં વસ્તી ૧૮૫૦૦૦૦૦૦ માણસની હતી.

સ૦—હિંદુસ્તાન કેટલા ચોરસ મૈલછે?

જ૦—આસરે બે કરોડ મૈલ.

સ૦—હિંદુસ્તાનની ઊત્તરે દુનિયામાં સઉથી ઊંચા પાહાડો કિયાછે?

જ૦—હિમાલય.

સ૦—હિમાલય પર્વતોની ઊંચાઇ કેટલીછે?

જ૦—આસરે પાંચ મૈલ.

સ૦—હિંદુસ્તાનની આડા (આરપાર) કિયા પર્વતોછે?

જ૦—વિંદયાચલ પર્વતો.

સ૦—દક્ષિણ અથવા દક્ષિણહિંદુસ્તાનમાં મુખ્ય પાહાડો કિયાછે?

જ૦—પૂર્વ અને પશ્ચિમ ઘાટો?

સ૦—હિંદુસ્તાનના, દક્ષિણ બિંદુને શું કેહેછે?

જ૦—કુંન્યા કુમારી (કામેરીન ભૂશીર).

સ—હિંદુસ્તાનમાં કેટલી નદીયોછે, અને તે કયા કયા શેહરને લગતીછે?

જ—બાર તેના નામ.

૧ પહેલી નદી ઇંડશ અથવા સિંધુનદીની સાથે બીજી નદીયોને કે સમુદ્રનો સંગમ થઇ. વઝીઇ, કરાચી, સિંધ, લનડન, કલકત્તા, હેદરાબાદ, ભાવલપૂર, સી-

રહિંદ, મુલતાન, પંજાબ, લાહોર, અમરતસર, શ્રી નગર, કાશ્મીર, ઇતિઆદી.

૨ બીજી લુની અથવા માહી—મારવાડમાં જોધપૂર, રજપૂતાના, બરોડા. ગુજરાત ઇતિઆદી.

૩–૪ નરબદા અને ટાપી નદી. જબલપુર, શૂરત, ભરૂચ ઇતિયાદી.

૫ કાવેરી—તાનજોર, શ્રીનાગાપટમ. મહેશૂર, ઇતિયાદી.

૬ કરીશ્ના. મછલીપટમ, હેદરાબાદ, ગોળકંડા, ઇતિયાદી.

૭ ગોદાવરી. અવરંગાબાદ, નાગપૂર ઇતિયાદી.

૮ માહાનદી. જગંનાથ, સેમબોલપૂર ઇતિયાદી.

૯-૧૦-૧૧ ગંગા, હુગલી-કલકત્તા, પટના, બનારસ, અલાહબાદમાં, (ગંગાનદી અને જમનાંનો) સંગમ થઇ. કાનપૂર, ખેતમાંડુ, લખનોર, આગરા, દીહલી, ગોવાલીઅર, જેપૂર, રજપૂતાના, મીરત, રોહીલખંડ, બેરેલી, ઇતિયાદી,

૧૨ બ્રહ્મપૂત્રા--દેકો ભૂતાન, ટેશીશમુદન, ગોદાડા, ઇતિયાદી.

સ—હિંદુસ્તાનની આબો હવા કેહવીછે.

જ—હિંદુસ્તાનની મંધ્ય, અને દક્ષિણ ભાગના દેશોમાં અતીશે ઉષ્ણછે. પણ ઉત્તરપ્રાંતમાં એક વર્ષમાં ત્રણ રૂતું થાય છે, તેમાં મારચથી ઉષ્ણરૂતુંની શરૂવાત થાયછે, તે જુન સુધી હોયછે અને અકટોબરમાં પણ ઉષ્ણ હોયછે. નવેંબરથી ફેબરવારીની રૂતું થંડી હોયછે. જુલાઇથી શપટેંબેરસુધી વરશાદની રૂતું હોયછે.

સ૦—હિમાલય પર્વતની ઉત્તર દિશ્યાથી નિકળીને બંગાળના અખાતમાં પડેછે તે કેઇ નદી?

જ૦—બ્રહ્મપુત્રા.

સ૦—હિમાલય પર્વતની દક્ષિણ દિશ્યાથી નીકળીને બંગાળના અખાતમાં પડેછે તે કેઇ નદી?

જ૦—ગંગા.

સ૦—ગંગા નદીને મળનારી સૌથી મોહટી નદી કઇ છે?

જ૦—જમના.

સ૦—અરબી સમુદ્રની અંદર દક્ષિણ દિશ્યાતરફ કઇ નદી વહેછે?

જ૦—હિંદુસ્તાનમાં સઉથી લાંબી નદી સિંધુછે.

સ૦—અરબી સમુદ્રમાં પશ્ચિમ દિશ્યાએ કઇ નદી વહેછે?

જ૦—નરબદા—(નર્બદા).

સ૦—બંગાળ ઇલાકાનું ક્ષેત્રફળ તથા વસ્તી કેટલી છે?

જ૦—ક્ષેત્રફળ ૨૧૭૧૧૨ મૈલછે. વસ્તી ૭ કરોડની છે

સ૦—બંગાળાના અખાતમાં પૂર્વતરફ કઇ નદી વહેછે?

જ૦—માહાનદી, ગોદાવરી, કૃષ્ના, તથા કાવેરી.

સ૦—હિંદુસ્તાનનો ઘણો ખરો ભાગ કોને તાબેછે?

જ૦—ઇંગલંડની રાણીને કે તેને બ્રિટિશ ઇંડયા કેહછે.

સ૦—બ્રિટિશ ઇંડયાના ત્રણ મોહટા ભાગો કિયાછે?

જ૦—ઊત્તરમાં બંગાળા, પશ્ચિમમાં મુંબઇ તથા દક્ષિણમાં મદ્રાસછે

સ૦—એ દેશની ઊપર શી રીતે રાજ ચલાવવામાં આવેછે?

જ૦—ગવર્નરો તથા લફ્ટિનંટ ગવર્નરોથી.

સ૦—મુખ્ય ગવર્નરને શું કેહેવાયછે?

જ૦—ગવર્નર જેનરલ.

સ૦—બંગાળ ઇલાકાના શી રીતે ભાગ થયાછે?

જ૦—નિચેના નાહના પ્રાંતો, ઉત્તર, પશ્ચિમ પ્રાંતો, તથા પંજાબ.

સ૦—નિચેના પ્રાંતોના બે મુખ્ય ભાગો કિયાછે?

જ૦—બંગાળા તા૦ બહાર.

સ૦—બંગાળ પ્રાંત કેહેવોછે?

જ૦—ગંગાનદિના નિચેના પ્રવાહ આગળનો પ્રાંત રસાળને સપાટછે.

સ૦—બંગાળામાં કઇભાષા બોલાયછે?

જ૦—મુખ્ય બંગાળી ઇતિયાદી.

સ૦—ગંગાનદિની શાખા, હુગલીનદી પર બંગાળામાં કિયું મ્હોટું શેહેર આવેલુંછે.?

જ૦—કલકત્તા, તે હિંદુસ્તાનની મુખ્ય રાજધાનિ છે.

સ૦—આગાઉ કાપડને માટે કિયું શેહેર વખણાયલું હતું.?

જ૦—ધાકા તે કલકત્તાના ઇશાણ ખુણેછે.

સ૦—હિંદુસ્તાનમાં અતિશય રસાળ પ્રાંત કિયો છે?

જ૦—બરડવાન તે કલકત્તાના વાવ્ય ખુણેછે.

સ૦—બર્ડવાનની પશ્ચિમે ખાણમાંથી શું નિકળેછે?

જ૦—કોલસો.

સ૦—બંગાળના ઇશાણ ખુણામાં કિયો પ્રાંત આવેલોછે?

જ૦—આસામ, જ્યાં બ્રહ્મપુત્રા નદી વહેછે.

સ૦—આસામની શીશી પેદાસને માટે વખણાયલુંછે?

જ૦—ચાહ તથા સોનાની રેતી ને માટે.

સ૦—બંગાળાના નેઋત્ય ખુણામાં, મ્હોટો જંગલી પ્રાંત કિયોછે?

જ૦—ઑરિસ્યા.

સ૦—ઑરિસ્યાની ટેકરિઓપર કિઇ જાતનાં માણસો વસેછે.

જ૦—ખોંડ લોકો તે માણસો નો ભોગ આપેછે?

સ૦—ઓરીસ્યાના નૈરૂત્ય ખુણામાં કિયો ભાગ આવેલોછે?

જ૦—મધ્યપ્રાંતો, જ્યાં રૂના મ્હોટા જથા ઉત્પન થાયછે.

સ૦—મધ્યપ્રાંતોનું મુખ્ય શેહેર કિયું છે ?

જ૦—નાગપોર ઇતિયાદી.

સ૦—ઊત્તર હિંદુસ્તાનમાં મુખ્ય કરીને કઇ ભાષ્યા બોલેછે ?

જ૦—હિંદુસ્તાની, તથા પંજાબી ઇતિયાદી.

સ૦—બોહારપ્રાંતનું મુખ્ય શેહેર કિયું છે?

જ૦—પટના, તે ગંગાનદીપર છે.

સ૦—ગંગાનદિ તથા નિપાળની વચ્ચે કિયો પ્રાંતછે?

જ૦—આઉદ.

સ૦—આઉદ પ્રાંતનું મુખ્ય શેહેર કિયું છે ?

જ૦—લખ્નોર તે ગુમટીનદીપર છે.

સ૦—વાવ્ય પ્રાંતોમાં મહોટી નદિયો કઈ છે ?

જ૦—ગંગા તથા જમના.

સ૦—વાવ્ય પ્રાંતોના લફ્ટિનંટ ગવર્નર ક્યાં રેહેછે ?

જ૦—અહલાબાદ અથવા પ્રયાગમાં કે જ્યાં ગંગા તથા જમના નદીનો સંગમ થાયછે.

સ૦—અહલાબાદની પુર્વે કિયું મહોટું શેહેર છે ?.

જ૦—બનારસ તે ગંગાનદીપર છે.

સ૦—વાવ્ય ખુણામાં અગાઊ મોગલ રાજ્યધાની કિયા હતી?

જ૦—આગરા, તે જમના નદીપર છે.

સ૦—હિંદુસ્તાનના વાવ્ય ખુણા તરફ કિયો ભાગ છે ?

જ૦—પંજાબ.

સ૦—પંજાબ શ્યાપરથી કહેવાય છે?

જ૦—ત્યાં પાંચ નદિનો સંગમ થાયછે તેથી.

સ૦—પંજાબના લફ્ટિનંટ ગવર્નર કયાં રેહેછે ?

જ૦—લાહોરમાં.

સ૦—સિખ લોકોનું પવિત્ર શેહેર કિયું છે ?

જ૦—અમૃતસર, તે મહોટા વેપારનું ઠેકાણું છે.

સ૦—અગ્નિ ખુણામાં મોગલ રાજ્યની છેલ્લી રાજધાની કયા હતી?

જ૦—દિલ્હી, તે જમના નદીપર છે.

સ૦—પંજાબના વાવ્ય ખુણાપર કિયું શેહેર છે.?

જ૦—પેશાવર, તે અફગાની સ્તાનની સરહદ છે.

સ૦—મુંબઈ ઇલાકામાં બ્રાહ્મણી રાજ્યની ગાદી કયા હતી.?

જ૦—પુના.

સ૦—તાપી નદિપર મહોટું શેહેર કીયુ આવેલું છે ?

જ૦—સુરત કે જ્યા અનાજ અને રૂઈ પાકેછે.

સ૦—નર્મદા નદિપર કિયું શેહેર છે કે જ્યાં, વાંદરા, બિલાડાં કુતર તથા બીજા પ્રાણીઓનો સંગ્રહછે.?

જ૦—ભરૂચ ઇતિયાદી કે જ્યા રૂ, તંબાખુ, અફીણ પાકેછે.

સ૦—અગાઉ ગુજરાતમાં મુસલમાની રાજધાનીનું કિયું શેહેર હતું?

જ૦—અમદાવાદ, તે ખંભાતના અખાતની ઉત્તરે છે.

સ—મુંબઇ ઇલાકો ક્યાછે અને તેની હદ કેટલી ?

જ—હિંદી દ્વીપકલ્પની પશ્ચિમે મુંબઇ ઇલાકાનો સાંકડો મૂલક છે. પંજાબની નૈરૂત્ય સીમાથી મ્હેસૂર સંસ્થાન અને મદ્રાસ ઇલાકાના સીમાડા સૂધી એ ઇલાકા નો વિસ્તાર ૧૦૫૦મૈલછે. તેની હદ વાયવ્ય ઉત્તર અને ઇસાનમાં બલૂચિસ્તાન, પંજાબ, અને રજપૂત સંસ્થાનો; પૂર્વ અને અગ્નિ કોણતરફ મધ્ય હિંદુસ્તાનનાં દેશી સંસ્થાનો, મધ્યપ્રાંતો; વરાંડ. નિઝામનું રાજ્યછે; દક્ષિણમાં ગોમાંતક અને મદ્રાસ ઇલાકો, મ્હેસુરછે; પશ્ચિમે ખંભાતનું અખાત અને આરબી સમુદ્ર છે.

સ—તેનું ક્ષેત્ર ફળ કેટલુંછે ?

જ—તેનું ક્ષેત્ર ફળ ૧૮૮૧૮૫ ચોરસ મૈલછે.

સ—મુંબઇ ઇલાકામાં વસ્તી કેટલીછે ?

જ—આસરે ૨૫૬૨૪૭૦૦.

સ—મુંબઇ ઇલાકામાં ક્યા ક્યા દેશો છે ?

જ—એ ઇલાકામાં પાંચ ભાગ તેમાં ગુજરાત દેશનો થોડો ભાગ, સીંધપ્રાંત, કચ્છપ્રાંત, માહરાષ્ટ દેશ, દક્ષિણ મહરાષ્ટ, કોકણપટીનો થોડો ભાગ, પશ્ચિમ કીનારે મુંબઇ વગેરે બેટો છે,

સ—એ ઇલાકામાં પ્રખ્યાત ગામ કહ્યુંછે ?

જ—મુંબઇ બેટ તે લાંબુ મૈલ ૧૧ પ્હોળુ મૈલ ૩ જે ઇ૦સ૦ ૧૬૬૧ માં પોરટુંગાલના રાજાએ ઇંગલાડના બીજા ચાર્લસને કન્યાદાનમાં મલ્યુછે. તેમાં અંગ્રેજ સરકારની રાજધાનીનું મથક છે, અને તેનું ઉત્તમ પ્રકારનું બંદર હોવાથી વેપારની મુખ્ય જગ્યાછે.

સ—મુંબઇ કંઇ જગ્યાએ છે?

જ—હિંદુસ્તાનની પશ્ચિમે, મુંબઇની દક્ષિણમાં પોરટુગાલ રાજનું ગોવા દેશછે. તેની જમીન ૨૨૪ મૈલને આસરે છે. સૂરતની દક્ષિણેદમણ ગામ છે તેની ભૂમી ૨૨ મૈલ છે. તથા કાઠીઆવાડની દક્ષિણે દીવનામે નાહનો બેટ છે.

સ—મુંબઇમાં કેટલા માણસની વસ્તી છે?

જ—આસરે થાડા છ લાખ માણસનીછે, તેમાં હિંદુ પારસી, ખોજા, મેમાણ, મુસલમીન, અંગ્રેજ, વોહરા ઇત્યાદી રહેછે. તેવો ઘણુંકરીને ગુજરાતી, મરાઠી, હિંદુસ્થાની ફારસી, ઇંગ્રેજી વીગેરે ભાષા બોલેછે.

સ—મુંબઇ શેહેરનો દેખાવ કેહેવી રીતનો છે?

જ—મુંબઇ શેહેરની ચારે બાજુએ સમુદ્રછે તેના બંદરમાં,યુરોપ અને ચીન વીગેરે દેશ જતા આવતા સેકડો વાહણ અને આગબોટથી ભરેલુ શોભાયમાન છે, તથા શેહરમાં હજારો દેશથી આવેલી શોભાયમાન ચીજો, કાપડ, શુત્ર ઇત્યાદી જણસો બનાવવાને વરાળયંત્રના કારખાના આસરે ૬૦ છે, અને રેશમ, છત્રી, કરીઆણું હાંડી, જુમ્મર, વીગેરે પુષ્કળ માલ આવેછે. ઘરો, બાગ, બગીચા ઘણા શોભાયમાન, સણગારેલા અને ઉંચી બાંધણીના હોયછે તેમાં કેટલાકતો સાત મજલાના હોય છે, તેની જમીન સખત પથરની છે તેથી મીથુ પાણી ઘણું નથી માટે એ ગામથી આઠ મૈલ ને છેટે વ્યારનું અને તુલશીનું મોહટા તલાવ બાંધીને તેમાં મોહટા નલ મુકીને પાણી લાવેલુંછે, તે પાણી ઘણું સરસ અને મીથું છે તે નળોથી સર્વે ઘરોને

મજલે ચડાવેલુ છે તથા કંસારા, સોનારા, વીગરે અતીશે સોભાયમાન કારીગરીની જણસો બનાવે છે.

સ—મુંબઈ ઈલાકામાં ઈનસાફની મ્હોટી જગ્યા અને ગવરનર શાહેબની રાજગાદી કયાંછે?

જ—મુંબઈમાં છે.

સ—મુંબઈ ઈલાકાની ચારો દિશ્યાના પ્રાંત કયાંછે?

જ—પંજાબ ઈલાકાનો દામન પ્રાંત, ભાવલપૂર, બલુચીસ્તાનનો ભાગ ઉત્તરે. જેસલમીર, ને મારવાડ, પૂર્વે. કચ્છ તથા આરબી સમુદ્ર દક્ષિણે. બલુચીસ્તાન તથા સુલેમાનના પાહાડો પશ્ચિમે છે.

સ૦—સિંધ કયાં આવેલું છે.?

જ૦—સિંધુ નદિના નિચેના પ્રવાહ આગળ.

સ૦—સિંધની આબો હવા કેવીછે અને ત્યા શુ ઉત્પન્ન થાયછે?

જ૦—હવા ગરમ તથા શુષ્કછે, તેમાં રૂ, બાજરી, ઘઉ, અળશી, સરશી, ઈત્યાદી; જનાવરમાં ઘેડાના વાલ નો અને ગુલીનો વેપાર મોહોટો છે.

સ૦—સિંધપર અગાઊ કિયા શાહાજાદા રાજ કરતાં હતા.?

જ૦—સિંધી અમીરો.

સ૦—તેની રાજગાદીનું મુખ્ય શેહેર કયુ છે.?

જ૦—હેદરાબાદ, તે સિંધુ નદીપરછે.

સ૦—સિંધમાંવેપારને લાયક બંદર કિયુ છે.?

જ૦—કરાંચી.

સ—સિંધ પ્રાંતના કેટલા જીલ્લા છે?

જ—ચાર, હેદ્રાબાદ જીલ્લો, શિકારપૂર જીલ્લો, કરાચી જીલ્લો, અને હદ પાસેના સંસ્થાન.

સ—ઉત્તરમાં સિંધ પ્રાંતનો કયો જીલ્લો છે?

જ—શિકારપૂર જીલ્લો.

સ—શિકારપૂરથી કરાચી જવાનો રસ્તો કયો ?

જ—શિકાર પૂરથી દક્ષિણે જતા ખેર પૂર, અને તેની દક્ષિણે જાએ તો હેદ્રાબાદ, અને હેદ્રાબાદથી પશ્ચિમે સિંધુ નદી ઉતરીને કરાચી જવાય.

સ—સિંધ પ્રાંતમાં શેહેરો અને નદી કેટલી છે ?

જ—મોહટામાં મોહટી નદી સિંધુ, અને શેહેરોમાં કરાચી, ઠઠ્ઠા, હેદ્રાબાદ, સક્કર, બકર, અમરકોટ, મિથુન કોટ, પેશાવર, અટક, લાડક, અથવા લેહ વીગેરે શેહેરો છે.

સ—સિંધુ નદીનું બીજુ નામ શુ છે, તથા લંબાઈ કેટલી છે, તેનુ મૂળ અને મૂખ કયાં છે?

જ—એનું, અટક, ઇંડસ અને સિંધુ નામ છે, અને સ્વતંત્ર હિમાલય પર્વતમાંથી નીકલી છે, તેની લંબાઈ ૧૭ શો મૈલ છે.

સ—સિંધુ નદીનું નામ અટક કેમ પડ્યું ?

જ—સિંધુ નદીની પેલી તરફ જતા મુસલમાનોથી હિંદુ બાહાને અટકયા અને તે ઉપર અકબર બાદશાહે અટક નામે કિલ્લો બાંધેલો છે તેથી.

સ—અંગ્રેજે સિંધ પ્રાંત ક્યારે લીધો?

જ—સને ૧૮૪૨–૪૩ માં સર ચારલશ નેપીઅરે લીધો.

સ—સિંધ પ્રાંતના જીલ્લા, ક્ષેત્ર ફળ, વસ્તી કેટલી છે ?

જ—જીલ્લાના મુખ્ય શેહેરનું ક્ષેત્રફળ ૪૭૧૭૫ તથા આસરે વસ્તી ૨૧૯૨૪૧૫ ખેરપુર સંસ્થાન સીવાયે.

કરાંચી.	ક્ષેત્રફળ ૧૪,૦,૮૯	વસ્તી	૪,૨૩,૪,૯૫
હૈદ્રાબાદ...........	૯,૬,૩૫...............		૭,૨૧,૯,૪૭
શિકારપૂર	૮,૮.૦૯.....................		૭,૭૬,૨,૨૭
સરહદ...............	૧,૯,૧૩.....................		૮૯,૯,૮૫
થરપારકર........	૧૨,૭,૨૯................		૧,૮૦,૭,૬૧

ખેરપૂર સંસ્થાનનું ક્ષેત્રફળ તથા વસ્તી જુદી જાણવી.

સ—સિંધ પ્રાંતમાં કેહવી ભાષ્યા બોલાયછે ?

જ—સિંધી અને બલુચી.

સ—સિંધ પ્રાંતથી દક્ષિણે કયો પ્રાંત અને સમુદ્ર છે ?

જ—કચ્છ પ્રાંત અને અરબી સમુદ્ર.

સ—કચ્છનું ક્ષેત્રફળ અને વસ્તી કેટલી છે ?

જ—ક્ષેત્રફળ ૯૦૦૦ મૈલ છે અને આસરે વસ્તી ૪૮૭૩૦૫.

સ—કચ્છની ચારે દિશ્યામાં શું છે ?

જ—ઉત્તરે કચ્છનું રણ, અને તેની પાછળ સિંધ પ્રાંત. પૂર્વે ગાયકવાડનું રાજ્ય. દક્ષિણે કચ્છનું અખાત. પશ્ચિમે સિંધુ નદીનું મુખ છે.

સ—કચ્છ પ્રાંતમાં નદી કે પાહાડ વીગેરે છે ?

જ—રણને લીધે કોઇપણ નદી આવેલી નથી, ડુંગરોની ઓળો લાખી નામે મુખ્ય છે.

સ—કચ્છ પ્રાંતથી અગ્નિ કોણમાં કયો પ્રાંત આવે ?

જ—ગુજરાત પ્રાંત આવે.

સ—ગુજરાત પ્રાંતની ચારે દિશ્યાની હદ, તેનું ક્ષેત્રફળ તથા વસ્તી કેટલી છે?

જ—ગુજરાતને મારવાડ, શીરોહી, મેવાડ, ઉત્તરે. દમણ, ગંગાનદી, અને થાણા જીલ્લો, ખંભાતનું આખાત અને અરબી સમુદ્ર, દક્ષિણે. માળવા, ખાનદેશ, સાતપુડાનો પાહાડ, પૂર્વે. કચ્છનું રણ, કચ્છનો અખાત, અને આરબી સમુદ્ર પશ્ચિમે. તેનું ક્ષેત્રફળ કાઠીયાવાડ સાથે ૪૮૦૯૦ મેલછે. તથા વસ્તી આસરે ૯૫૦૦૯૬૦.

સ—ગુજરાતમાં અસલ રાજધાની કયા હતી. અને હાલ કયા શેહેરમાંછે અને તે કઇ નદી ઉપર હતાં?

જ—અસલ સિધપૂર, પાટણમાં રાજગાદી હતી, અને તે સરસ્વતી નદીપર છે. અને હાલની રાજધાનીનું શેહેર અમદાવાદ તે સાબરમતીને કાંઠે અને ખંભાતનાં અખાતની ઉત્તરે છે.

સ—અંગ્રેજ સરકારની એજન્સી કેટલીછે. અને તેના નામ શુ?

જ—પાંચ, તેમાં ૧ કાઠીઆવાડ. ૨ પાલણપૂર. ૩ મહીકાંઠા. ૪ રેવાકાંઠા. ૫ સૂરત એજન્સી.

સ—એ એજન્સીમાં મુખ્ય શેહેર, તે કઇ નદી ઉપરછે?

જ—

એજન્સી	વસ્તી	મુખ્ય શેહેર—	નદી
કાઠીઆવાડમાં	૨૩૦૭૫૦૦	રાજકોટ.	આજી
પાલણપૂરમાં	૨૧૬૦૦૦	ડીસા.	બનાસ
મહીકાંઠામાં	૨૧૭૪૦૦	સાદરા, ઇડર.	સાબરમતી
રેવાકાંઠામાં	} ૪૮૭૬૫૦	નાદોડ	નર્મદા
,,		લુણાવાડા	માહી

સૂરત, વાસડા, ધર્મપૂર, સચીન, (સુરતમાં) તાપીનદી

સ—ગુજરાતમાં નદીઓ, શેહેરો, કસબા કેટલાછે?

	જ— નદીઓ	શેહેર અને કસબા.			
૧	બનાસ.	રાધણપૂર,		ડીશા,	વીગેરે.
૨	સરસ્વતી.	પાટણ,	સિધપૂર,	દાતા	,,
૩	સાબરમતી.	અમદાવાદ,	સાદરા,	પેથાપૂર.	,,
૪	મેસ્વો.	હરસોળ.			,,
૫	ખારી.	દેસાસણ,	લાલપૂર.		,,
૬	વાત્રક.	મેમદાવાદ.			,,
૭	શેઢી.	ખેડા,	ડાકોર,	વાડાશીનોર.	,,
૮	વિશ્વામિત્રી.	વડોદરા.			,,
૯	મહી.	ખંભાત,	લુણાવાડા.	પંચ માહલ	,,
૧૦	ઢાઢર.	ટંકારીઆ બંદર.		નાદોડ	,,
૧૧	નર્મદા,	મોહટીછંડ,	ભરૂચ,	ચાણોદ, કન્યાલી,	,,
૧૨	કીમ,	હલાન,	કોડોદ્રી.		,,
૧૩	તાપી.	સૂરત,	બરાનપૂર,	રાંદેર.	,,
૧૪	માઢોલા.	બારડોલી,	વ્યારા,	વીગેરે.	,,
૧૫	પુર્ણા,	નવસારી,	સુદારી,	વાલો,	,,
૧૬	અંબીકાં.	બીલીમોરા,	કસબો.		,,
૧૭	કાવેરી.	ચીકલી	કસબો.		,,
૧૮	ઔરંગા.	વલસાડ	કસબો.		,,
૧૯	પાર.	પારનેરા,	ડુંગરી કીલ્લાછે.		,,
૨૦	કોલક.	બગવાડા,	કસબો.		,,

૨૧. દામણગંગા. દમણ,શેહેર પોર્ટુગાલ રાજનું છે. ,,

સ—ગુજરાતમાં કેટલા રાજાની સત્તા છે?

જ—ગુજરાતનો ઘણો ખરો ભાગ હાલ અંગ્રેજ સરકારનો. છે, અને કેટલોક ભાગ ગાયકવાડ સરકારનો, અને જુજ ભાગ નવાબનો તથા હિંદુ રાજાનો છે.

સ—ગુજરાતના જીલ્લા, તેનું ક્ષેત્રફળ, વસ્તી, નદી, કેટલી?

જ—પાંચ તેનું ક્ષેત્રફળ ૪૮૦૮૭ તથા વસ્તી ૯૫૦૦૮૬૦.

જીલ્લો,	મુખ્ય શેહેર,	ક્ષેત્રફળ,	વસ્તી,	નદી,
સૂરત	સૂરત	૧૫૮૮	૧૩૦૯૪૦	તાપી
ભરૂચ	ભરૂચ	૧૩૬૩	૬૫૦૩૨૫	નર્મદા
ખેડા	ખેડા	૧૫૬૧	૭૮૨૭૩૫	વાત્રક
પંચમહાલ	પંચમહાલ	૧૭૩૧	૨૪૦૭૪૫	મહી
અમદાવાદ,	અમદાવાદ	૩૮૪૪	૮૨૯૬૪૦	સાબરમતી

સ—ગુજરાત પ્રાંતની દક્ષિણે જાય તો કયાં જવાય?

જ—મહારાષ્ટ પ્રાંતની કોકણ પટીમાં.

સ—મહારાષ્ટ દેશની ચારે દિશ્યાની હદ શુ?

જ—સાતપૂડાનો પાહાડ ઉત્તરે.વાહીન ગંગા અને વરધા નદીઓ પૂર્વે. આરબી સમુદ્ર પશ્ચિમે. દક્ષિણ મહારાષ્ટ પ્રાંત દક્ષિણે.

સ—મહારાષ્ટ પ્રાંતના બે ભાગ શ્યા કારણે થયા? અને દરેક ભાગનું નામ શુ? અને ત્યાના રેહેવાશી કોણ?

જ—મહારાષ્ટ પ્રાંતની વચ્ચે સહયાદ્રી પર્વત છે, તથી એ પ્રાંતના બે ભાગ થયા છે. એની પશ્ચિમ ભાગને કોકણ પટ્ટી કહેછે. મધ્યના રેહેવાશીને કુકણી કેહેછે. એ પર્વતની પૂર્વે ભાગને

દક્ષિણ કેહેછે; અને ત્યાંના રેહેવાશીને દક્ષિણી કેહેછે.

સ—એ પર્વતના દક્ષિણ ભાગમાં કયાં કયાં જીલ્લા છે? અને મુખ્ય શેહેર, તેનું ક્ષેત્રફળ, વસ્તી, અને નદી કઈ છે?

જ—જીલ્લા	શેહેર	ક્ષેત્રફળ,	વસ્તી,	નદી,
ખાનદેશ.	ધુળીઆ.	૧૦૧૬૨	૧૦૨૮૬૪૫	તાપી.
અહમદા—નગર.	અહમદા—નગર.	૬૬૪૭	૭૭૩૯૪૦	સીની.
સોલાપૂર.	સોલાપૂર.	૩૮૯૯	૬૬૨૯૯૦	સીના.
પુના.	પુના.	૪૯૮૩	૯૦૭૨૩૫	મુળા મુઠા
સતારા.	સતારા.	૫૩૭૦	૧૧૧૬૦૫૦	સંગંમા

સ—કોકણ પ્રાંતનાં જીલ્લા, શેહેર, ક્ષેત્રફળ, વસ્તી કેટલી?

જ—જીલ્લા, મુખ્ય,	ક્ષેત્રફળ,	વસ્તી,	નદી.
થાણા—અલીબાગ, થાણા.	૪૦૫૨	૮૪૭૪૨૫	કાલું.
રતનાગીરી. રતનાગીરી.	૩૭૮૯	૧૦૧૯૧૪૦	બંદર.

સ—મહારાષ્ટ દેશમાં, નદી, શેહેર, કસબા, કેટલા?

જ—નદીઓ,	શેહેર,
તાપી,	બરાનપુર,
ગોદાવરી	નાશીક, પેઠણ, ઔરંગાબાદ
ભીમા	પંઢરપૂર.
કૃષ્ણા	જમખંડી, કમળાપૂર.

સ—મહારાષ્ટ દેશમાં એજન્શી કેટલી?

જ—એજન્શી, ભીલ સંસ્થાન, પેઠ જંજીરા, સવાર સંસ્થાન, સાવતવાડી ઇલાકો.

સ—મહારાષ્ટ એજન્શી કોના તાબામાં છે.

જ—ખાનદેશ કલેકટરના તાબામાં ભીલસંસ્થાનની એજન્શીછે. થાંણા કલેકટરના તાબામાં પેઠ, જવાર, જંજીરા સંસ્થાન અને સાવંતવાડી ઇલાકો.

સ—અંગ્રેજ સરકારના તાબામાં મહારાષ્ટ દેશના બે ભાગ કેહવી રીતે આવ્યા?

જ—સને ૧૮૧૭ માં પેશવા સરકાર પાસેથી.

સ—મહારાષ્ટ દેશનો દક્ષિણે જવાથી શું આવે?

જ—ગોવા પ્રાંત, અને દક્ષિણ મહારાષ્ટ પ્રાંત.

સ—દક્ષિણ મહારાષ્ટ દેશની હદ કેટલી?

જ—મહારાષ્ટ ઉત્તરે. બંગાળનો ઉપસાગર પુર્વે. ગોવા પ્રાંત પશ્ચિમે. અને નિજામનું રાજ દક્ષિણે.

સ—દક્ષિણ મહારાષ્ટના જીલાઓ, શેહેરો, તેનું ક્ષેત્રફળ અને વસ્તી કેટલી?

જ—જીલા.	શેહેર	ક્ષેત્રફળ.	વસ્તી.
કોલાપૂર.	કોલાપૂર.	„	૫૦૦૦૦૦
બેલગામ.	બેલગામ.	૪૫૯૧	૯૩૮૭૫૦
કલાદગી.	કલાદગી.	૫૬૯૫	૮૧૬૦૫૦
ધારવાડ.	ધારવાડ.	૪૫૬૪	૯૮૮૦૫૦

સ—દક્ષિણ મહારાષ્ટ દેશમાં નદીયો કઇ છે?

જ—કૃષ્ણા, તે ઉપર જંમખડી, કમળાપુર છે. તુંગભદ્રા, તે ઉપર હમસાબાદ છે.

સ—મુંબાઇ ઇલાકામાં પર્વતો ક્યાં છે? અને તેની જગ્યા કઇ?

જ—સહ્યાંદ્રી પર્વતની દક્ષિણે મહારાષ્ટ દેશ અને કોકણ ને જુદા પાડેલાં છે. એ વીગરે પાલીટાણા, ગીરનાર, પારનેરા, પાવા ગઢ વીગરે ડુંગરો છે. અને સાતપુડાનો પાહાડ છે.

સ—મદ્રાસ પ્રાંતની હદ અને તેનું ક્ષેત્રફળ તથા વસ્તી કેટલીછે?

જ—મદ્રાસપ્રાંત. હિંદુસ્તાનની દક્ષિણ કીનારે છે, તેની પૂર્વે કોઇમ બેટોરનો ભાગ,શીલોનનો કીનારો,કરનાટક,ક્રીસ્ના નદી છે. ઊત્તરે શીલોનનો સમુદ્ર તથા ગોદાવરી નદી છે. પશ્ચિમે કરનાટકનો ભાગ, મલબાર કોશટા, કેનેરા, હિંદીમાહાસાગર છે. તેનું ક્ષેત્રફળ ૧૪૫૦૦૦ મૈલ છે. તથા વસ્તી ૨૨ કરોડને આસરે છે.

સ—મદ્રાસ ઇલાકામાં કેટલી ભાષાઓ બોલાયછે ?

જ—પૂર્વમાં તયલંગ, તામીલ; પશ્ચિમમાં કને રીઝ તથા મેલે યાલમ.

સ—મદ્રાસ ઇલાકામાં મુખ્ય શેહેર કિયુંછે?

જ—મદ્રાસ, તે સમુદ્ર કિનારેછે.

સ—મદ્રાસના અગ્નિ ખુણામાં બે મુખ્ય બંદરો કિયાછે ?

જ—મછલીપટ્ટમાં તથા વિઝગાપટમ.

સ—મદ્રાસની, દક્ષિણે મુખ્ય બંદર કિયુંછે?

જ—નિગાપટમ.

સ—દક્ષિણ હિંદુસ્તાનના અતિશય રસાળ પ્રાંતમાં કિયું શેહેર છે?

જ—ટાનજોર, તે કાવેરી નદીપર છે.

સ—ટ્રીચીનો પોલીની પશ્ચિમે કિયું શેહેર આવેલુંછે?

જ—કોઇમ બેટોર

સ—પાંડિઅન રાજની અશલ રાજધાનીનું કિયું શેહેર હતું?

જ—મદુરા.

સ—કિયોપ્રાંત અગાઉ તેના હીરાને માટે વખણાયો છે?

જ—કડાપાહા તેમદ્રાસના વાવ્ય ખુણામાંછે

સ—બંગાળાના અખાત, ને અરબી શમુદ્રની વચે કિયું શેહેરછે?

જ—બેલેરી.

સ—પશ્ચિમ કિનારે કિયા શેહેરમાં યુરપથી પ્રથમ વાહણો આવ્યા?

જ—કલિકટમાં, સને ૧૪૯૮ માં પોરટુગીઝ લોકો આવ્યા.

સ—હિમાલય પર્વતની ખીણ કઈ છે. તેની વસ્તી કેટલી છે.

જ—કાસમીર. તેની વસ્તી આસરે ૪૦ હજાર છે.

સ—પંજાબની અગ્નિ કોણમાં કિયું મહોટું પ્રાંતછે?

જ—રજપુતાના. જે રેતીના પ્રાંતથી પ્રખ્યાત છે.

સ—રજપુતાનામાં મુખ્ય શેહેરો કિયા કિયાં છે?

જ—જેપોર તથા ઊદેપોર. મેવાર, જોધપૂર, જેશરમીર, બીકાનેર.

સ—સિંધિયાની રાજધાની અને તેનુ ક્ષેત્ર કેટલુ છે?

જ—ગોવાળિયર. આગ્રાની દક્ષિણે. તેનું ક્ષેત્રફળ ૩૩૦૦૦ મૈલછે.

સ—રક્ષણ કરેલા રાજોમાં મહોટું કિયું, તેનું ક્ષેત્રફળ કેટલું છે?

જ—નિઝામનું રાજ્ય તેનું ક્ષેત્ર એક લાખ મૈલછે. અને તેની રાજ્યધાની હૈદરાબાદમાં છે.

સ—ગાયકવાડનો મુલક કયાં છે. તેનું ક્ષેત્રફળ, તથા વસ્તી કેટલીછે?

જ—ખંભાતના અખાતની આસપાસ તેનું ક્ષેત્રફળ ૩૦૦૦૦ મૈલ છે. તથા વસ્તી આસરે ૧૪૦૦૦૦ ની છે.

સ—ગાયકવાડની રાજધાની કયાં છે?

જ—વડોદરા.

સ—ઘાટઉપર મદ્રાસની પશ્ચિમે કિયું શેહેર આવેલું છે?
જ—બાંગલોર, તેની જમીન રશાળને માટે પ્રખ્યાત છે.
સ—વાળ્ય કિનારાપર બે રાજ્યોછે તે કિયાં?
જ—કોચીન તથા ત્રાવનકોર.
સ—હિમાલય પર્વતપર સ્વતંત્ર રાજ્યકિયું છે. તેની લંબાઈ કેટલી છે?
જ—નિપાળ તે આસરે પાંચશો મૈલ લાંબુ છે.
સ—પૂર્વ કિનારાપર ફ્રેંચ લોકોનું કિયું શેહેર છે?
જ—પાનડીચરી.
સ—પશ્ચિમ કિનારાપર પોરટુંગીઝનું કયું શેહેરછે?
જ—ગોઆ (સન ૧૫૧૦ માં પોરટુંગીઝે લીધુ છે.)
સ—હિંદુસ્તાનમાં અસલી રેહેવાસી કયાછે?
જ—હિંદુઓછે.
સ—વાળ્ય ખુણામાંથી કોણ લોક આવ્યાછે?
જ—આર્યન લોકો જે સંશકૃત બોલતા હતા.
સ—સંશકૃત ભાષાની મેલવણીથી બનેલી મુખ્ય ભાષાઓ કઈ છે?
જ—હિંદુસ્તાની, મરાઠી, ઊરદું ઇતિયાદી.
સ—હિંદુસ્તાનના રેવાશીઓનો મુખ્ય ધંધો શું છે
જ—ખેતિવાડિ. અને હાથની કારીગરીની ચીજો.
સ—હિંદુઓ અગાઊ, શી બનાવટ ને માટે પ્રખ્યાતછે?
જ—મઝલિન, રેસમ, શ્યાલ તથા હાથની કારીગરી જણસોથી.
સ—હિંદુસ્તાનથી શી જણસો મુખ્ય મોકલવામાં આવેછે?
જ—રૂઊ, ઊન, ગળી, અફીણ, રેશમ, અનાજ, ઇતિયાદી.
સ—દેશાવરોથી હિંદુસ્તાનમાં મુખ્ય શી જણસો આવેછે?

જ—કાપડ, સુતર, હાંડી, ઝુમર, છરી, કાતર ઇતિયાદી.

સ—હિંદુસ્તાનની દક્ષિણે કિયો મહોટો બેટ છે?

જ—સિંહલદ્વિપ.

સ—સિંહલદ્વિપમાં શીશી ઉપજ થાંયછે?

જ—તજ, કાફી તથા મોતી ઇતિયાદિ.

સ—સિહલદ્વિપમાં મુખ્ય કેટલી ભાષાઓ બોલાય છે?

જ—ઊત્તરમાં તામીલ તથા દક્ષિણમાં સિંગાલીઝ.

સ—સિંહલદ્વિપમાં મુખ્ય શેહેર કિયું છે?

જ—કોલંબો.

સ—સિંગાલીના રાજાઓની છેલી રાજ્યધાનીનું કિયું શેહેર હતું?

જ—કાનડી એ બેટના મધ્યભાગની નજદીક છે.

એશિયા.

સ—એશિયાનું ક્ષેત્રફળ તથા વસ્તી કેટલી છે?

જ—એશિયાનું ક્ષેત્રફળ ૧,૭૫,૩૫,૦૦૦ મૈલ છે. તથા વસ્તી ૬૦૦ શે કરોડની છે. તે આખી પૃથ્વિના અર્ધા ભાગથી વધારે છે.

સ—એશિયામાં કઈ ચીજો ઉપજે છે?

જ—ઝવેરાતમાં હી[illegible] ઇતિયાદિ. બોરેનીયા, સોલિબસ, હિંદુસ્તાન, સીબારીયા, યરેલ, તરકીસ્તાન, બ્રહ્માં, સીલોન, ચીનના ઇતિયાદી પાહડો અને જમીનમાંથી નીકલેછે.

શોનું. શીબારીયા, બોરનીયા, ટીબેટ, યુનાન, ચાયના, બ્રહ્મા, મલાકા, કોચીનચાયના, ટાનકુઇન, અને જેપાન, હિંદુસ્તાનમાંથી.

રૂપુ. સીબીરીયા, ચાયના, આરમીન્યા, એશિયા મીનાર, પરશ્યા.

પારો. ટીબેટ, ચુનાન, જેપાનમાંથી.

લોખંડ. એશિયા, મીનાર, જારજીયા, આરમીન્યા, પરશ્યા, હિંદુસ્તાન, સીબીરીયા, બીલીટન, સુમાતરા, બોરનીયામાંથી.

તાંબુ. એશિયા, મીનાર, આરમીન્યા, સોબીરીયા, હિંદુસ્તાન, ચાયના, જેપાન, પરશ્યામાંથી.

કહલઈ. સીબીરીયા, અરમેનીયા, હિંદુસ્તાન, ચાયના, સીયામ, જેપાનમાંથી.

કોલશ્યા. એશિયા, મીનાર, અરેબીયા, હિંદુસ્તાન, ચાયના, સીબીરીયામાંથી.

વન્સપ્તિ. સર્વેપ્રકારનું અનાજ અને વન્સપ્તિ, ફળફુળ એની રસાલ જમીનમાંથી સર્વે ઉપજે છે.

સ—એશિયાની ઉત્તરે શું આવેલું છે?

જ—આર્કટિક અથવા ઉત્તર માહા સાગર.

સ—પૂર્વતરફ શું આવેલું છે?

જ—પાસિફિક માહા સાગર.

સ—દક્ષિણ તરફ શું આવેલું છે?

જ—હિંદિ માહાસાગર.

સ—પશ્ચિમ દિશાયાએ શું છે?

જ—રાતો સમુદ્ર, ભુમધ્ય સમુદ્ર તથા યુરોપખંડ.

સ—એશિયાની દક્ષિણે કિયા દેસ છે?

જ—એશિયાટિક રસિયા.

સ—એશિયાની પૂર્વે કિયા દેસો છે.

જ—ચિન અને જાપાન.

સ—દક્ષિણમાં શું આવેલું છે ?

જ—સિયામ, બરમાં તથા હિંદુસ્તાન.

સ—પશ્ચિમમાં શું આવેલું છે ?

જ—અરબસ્તાન તથા તુરકસતાન.

સ—મધ્યભાગમાં શું આવેલું છે ?

જ—ઇરાન, આફગાનીસ્તાન, સ્વતંત્ર ટાતાર તથા ચીનાઇ ટાતાર.

સ—એસિયાના મધ્ય ભાગમાં શું આવેલું છે ?

જ—ત્રણ મૈલની ઉચાઇને સપાટ જમીન છે.

સ—હિંદુસ્તાનની ઉત્તરે દુન્યાના સઉથી ઉંચા કિયા પર્વતો છે ?

જ—હિમાલય પર્વતો. જેની પૂર્વ પશ્ચિમ ૧૫ શો મૈલ લંબાઇ છે
અને ઉચ્ચાઇ (૨૫) હજાર ફીટ છે.

સ—એસિયાટિક રસીયાની દક્ષિણે કિયા પાહાડો આવેલા છે.

જ—આલટાઇ પાહાડો.

સ—કાસ્પીઅન તથા કાલા સમુદ્રની વચે કીયા પાહાડોની હાર છે?

જ—કોકેઝસ પર્વતો.

સ—એસિયા તથા યુરપની વચ્ચે પાહાડોની હદ કઇ છે?

જ—યુરલ પાહાડો.

સ—ઉત્તર માહાસાગરને કઇ નદી મળે છે ?

જ—ઇરટિશ તથા ઓબી; યેનીસી તથા લીના.

સ—પાસિફિક માહાસાગરને પુર્વતરફથી કેટલી નદિઓ મળે છે ?

જ—આમુર, ૨૩ શો. યાંગસી, ૨૯ શો. ક્યાંગ ૩૨ શો. તથા
હોઆનહો. ૨૬ શો મૈલ લાંબી છે.

સ—બંગાળના અખાતને કઇ નદીઓ મળેછે?

જ—ઇરાવાડી, ૧૨ શો. બ્રહ્મપુત્રા તથા ગંગાનદી. ૧૫ શો મૈલ
લાંબીછે.

સ—અરબી સમુદ્રને દક્ષિણતરફ કઇ નદી મળેછે?

જ—સિંધુ. તે હિંદીમાહસાગરને મળે છે તેની લંબાઇ૧૭શો મૈલછે.

સ—ઇરાની અખાત ને કઇ નદી મળેછે?

જ—યુફ્રેટિઝ તથા ટાયિસ.

સ—એશિયાની આબો હવા કેહવી છે?

જ—દક્ષિણમાં ગરમછે, મધ્યભાગમાં ઊનાલામાં ગરમ તથા શિયા-
લામાં ઠંડીછે તથા ઊત્તરમાં ઘણી ઠંડી છે.

સ—હિંદુસ્તાન તથા ચિનની વચેના મ્હોટા દ્વીપકલ્પને શું કહેછે?

જ—ઇંડો ચાઇના.

સ—ઇંડો ચાઇનામાં બ્રિટિશ ઇંડિઆનો કીઓ ભાગ છે?

જ—બ્રિટિશ બરમા.

સ—ઇંડો ચાઇનાનાં વાવ્ય ખુણામાં કિયો ઇંગ્રેજી પ્રાંત છે?

જ—આરાકાન, જે તેના ચોખાને માટે પ્રખ્યાત છે.

સ—બ્રહ્મદેશની દક્ષિણે કિયો પ્રાંત આવેલો છે તેનું મુખ્ય શેહેર
અને નદી કઇછે?

જ—પેગુ. તેનું મુખ્ય શેહેર રંગુન, ઇરાવાડી નદીપર છે.

સ—પેગુના ઇશાણ ખુણામાં કિયા ઇંગ્રેજી પ્રાંતો આવેલા છે?

જ—ટેનેસેમ પ્રાંતો છે.

સ—મલાયાની દક્ષિણે એક નાહનો બેટ તે કયો છે?

જ—સિંગાપોર. કે જયા અગાઊ બંધીવાનોને મોકલતા હતા.

સ—પેગુની ઊત્તરે કિયો દેશ આવેલો છે, તેની રાજ્યધાનિ ક્યા છે, અને તે કઇ નદીપર છે ?

જ—બ્રહ્મદેશ. તેની રાજ્યધાનિ માંડેલો છે, તે ઇરાવાડી નદીપર છે.

સ—પેગુની પૂર્વે કિયો દેશ છે, તેની રાજ્યધાની. નદી કઇ છે ?

જ—સિયામ દેશ. તેની રાજ્યધાની બાંગકોકમાં છે, તે મીનામ નદીપરછે, ત્યા મછવાની મારફતે મોહટી વસ્તી રેહછે.

સ—ઇંડો ચાઇનાની પૂર્વે કિયો દેશ આવેલો છે ?

જ—કોચીન ચાઇના.

સ—સઘળા રાજ્યોમાં મહોટું ચીનાઈ રાજ્ય, તેની વસ્તી કેટલીછે?

જ—પૃથિવના કદમાં ત્રીજો. તેની વસ્તીમાં ૧ લો ભાગ. મછવા મારફતે મહોટી વસ્તી રેહછે.

સ—ચીનાઈ રાજ્યના મુખ્ય ભાગો કિયા છે ?

જ—ચીનાઈ રાજ્ય હદની, મોહટી દીવાલ, ચીનાઈ ટાતાર તથા ટીબેટની વચ્ચે.

સ—ચીનાલોકો પોતાના દેશને અને પરદેશીઓને શું કહેછે ?

જ—સ્વરગી રાજ્ય. પરદેશીને (ફાન કવાઈ,) તથા પરદેશી સેતાનો.

સ—ચીનાઓની રાજ્યધાની કયા છે ?

જ—પેકીંગ, જે વખાણવા લાયક એક શેહેર છે.

સ—ચીનની દક્ષિણે વેપારવાનું શેહેર કિયું છે ?

જ—કંતાન. જ્યા કારીગરીની જણસો તૈયાર થઇને આવેછે.

સ—ટારતરીમાં કિયા લોકો વસેછે?

જ—ટારતરી મહમદયન. જેઓ જનાવરો ઉપર ગુજરાણ કરેછે.

સ—ચીનની પૂર્વેટાપુઓનો જથો મળીને કીયું રાજ્ય છે ?

જ—જાપાનનું રાજ્ય. કે જ્યા લાકડકામને શોનરી ચળકાટ કરેછે.

સ—જાપાનની રાજ્યધાની, અને તેનું ક્ષેત્રફળ કેટલુ ?

જ—તેનું ક્ષેત્રફળ ૯૦ હજાર મેલ છે. મુખ્ય શેહર જડો છે.

સ—એશિયાની ઊત્તરે કીયો મ્હોટો દેસછે, તે કેહવો છે ?

જ—એશિયાટીક રસિયા. તેની ઊત્તરમાં સાઇબીરીયા, તથા કૅકેસસ પાર્વતોની દક્ષિણે કૅાકેસીઅન પ્રાંતો છે.

સ—સાઇબીરી આ કેવો દેસ છે ?

જ—થંડો અને ઊજ્જડ છે, જ્યાં વરસનો મહોટો ભાગ બરફ રહેછે.

સ—કાસપીએન સમુદ્ર તથા ચીનાઇ ટાતારની વચે કીયો દેશ છે ?

જ—તુરકસતાન.

સ—તુરકસતાનની રાજધાની કયાછે ?

જ—બોખારા.

સ—હિંદુસ્તાન તથા ઇરાનની વચે કીયા દેશો અને તે કહેવાછે ?

જ—આફગાનિસ્તાન તથા બલૂચિસ્તાન ખળરાયલા પાહાડો અને રેતીના જંગલનું છે પણ મેવો ઘણો પાકેછે.

સ—આફગાનીસ્તાનની રાજ્યધાની કયા છે ?

જ—કાબુલ, તે પૂર્વમાં છે.

સ—આફગાનિસ્તાન તથા એસિયાટિક ટરકી વચે કિયો દેસ છે ?

જ—ઇરાન. તેની વસ્તી ૨૫૭૦૦૦ છે.

સ—ઇરાનના કેટલા ભાગ છે અને તેની રાજ્યધાની કયાછે ?

જ—એરાજ્યના પાંચ ભાગમાં પાહાડ તથા, સપાટ જમીન છે અને તેની રાજ્યધાની તેહેરાનમાંછે તે ઊત્તરે છે.

સ—ઇરાનની અસલ રાજ્યધાની કયા હતી ?

જ—ઇસફાન, તે મધ્યભાગની નજદીક છે.

સ—એશિયાની નૈરૂત્ય કોણે કિયોદેસ છે, તેનું ક્ષેત્રફળ, વસ્તી કેટલી છે?

જ—અરબસ્તાન. તેની ઊત્તરે સીરીયેન રણછે, પશ્ચિમે રેડ સમુદ્ર. દક્ષિણે એડનનો અખાત અને હિંદીમાહાસાગર. પૂર્વે પ્રરસિયનનો અખાત છે. તેનું ક્ષેત્રફળ એક લાખ મૈલથી વધારે છે. તેની વસ્તી બાર લાખથી વધારે છે.

સ—અરબસ્તાન કેહેવો દેસ છે?

જ—રેતીનું જંગલછે, ફલવંત જગ્યા થોડીજ છે, પણ ત્યા દાડેમ, ખજૂર, ખારેક, બદામ, ઇતિયાદિ મેવોઘણો પાકે છે.

સ—એશિયાની પશ્ચિમે કીયું દેશ આવેલું છે?

જ—એસીયાટીક. ટરકી.

સ—કાળા સમુદ્ર તથા ભૂમધ્ય સમુદ્રની વચ્ચેના ભાગને શું કેહેછે?

જ—એશિયા માઇનર.

સ—ત્યાના લોકોની કંગાલ હાલત શ્યાથી છે?

જ—તુર્ક લોકોના જુલમથી.

સ—તેની રાજ્યધાની કયા છે?

જ—સ્મિની, પસ્ચિમ દિશ્યામાં એક બંદર છે.

સ—કાળા સમુદ્રના અગ્નિકોણે કીયો પ્રાંત છે.

જ—આર્મીન્યા.

સ—આરમીન્યામાં પ્રખ્યાત પાહાડ કિયો છે?

જ—આરેરેટ, જ્યાં નોહાનું વાહાણ (આર્ક) રહ્યું હતું.

સ—ઇરાનની હદપર કિયો પ્રાંત આવેલો છે?

૩

જ—કુરદીસ્તાન, અસલનો આસીરીયા.
સ—ટાઈગ્રીસ તથા યુફ્રેટીઝની વચ્ચે કિયો પ્રાંત આવેલો છે?
જ—આલજેસીરાહ, અસલનો મિસો પોટેમ્યા.
સ—ટાઈગ્રીસ નદી ઉપર મોસલની નજદીક શું આવેલું છે?
જ—અસલી નીની વીહનું ખંડેર છે.
સ—ટાઈગ્રીસ તથા યુફ્રેટીઝના નિચેના પ્રવાહ આગલ શું છે?
જ—ઈરાક અરબી, અસલી ચાલડીઆ.
સ—યુફ્રેટીઝ નદીપર હિલી શેહેર આગળ ક્યાનું ખંડેર છે?
જ—બેબીલનનું ખંડેર છે.
સ—ખલીફોની અગાઉ દબદબાભરેલી રાજ્યધાની કયાં હતી?
જ—ટાઈગ્રીસ નદીપર બાગદાદમાં.
સ—યુફ્રેટીઝ તથા ભૂમધ્ય સમુદ્રની વચ્ચે કિયો પ્રાંત આવેલો છે?
જ—સિરીયા.
સ—ભૂમધ્ય સમુદ્રની પૂર્વે કિયા પાહાડો આવેલા છે?
જ—લેબેનન, જેદેવદારના ઝાડોને માટે પ્રખ્યાત છે.
સ—સિરીયાની રાજ્યધાની કયાં છે?
જ—એલેપો, તે ઉત્તરમાં છે.

યુરોપ.

સ—યુરોપ કયાં છે? તેની હદ, ઉતપતી, તેનું ક્ષેત્રફળ તથા વસ્તી અને તેના વર્ગ કેટલા છે?
જ—તેની ઉત્તરે આર્કટિક માહાસાગર. પૂર્વે એસિયા. દક્ષિણે ભૂમધ્ય તથા કાળો સમુદ્ર. પશ્ચિમે આટલાંટિક માહા-

સાગર. તેનું ક્ષેત્રફળ આસરે સાડત્રીસ લાખ ચોરસ મૈલ છે, વસ્તી આસરે ૨૭૦૦૦૦૦૦૦ થી વધારે છે. ઉત્પત્તીમાં ખેતીવાડી અને ઝવેરાત, સોના રૂપા ઇત્યાદિ ખાણો નિચે લખેલા પ્રાંતો પ્રખ્યાત છે.

ઝવેરાત માટે. રસીયા, બોહેમીયા, હન્ગેરી, ત્રેનસીલવેનીયા, શેક્ષોની.

સોના માટે. રસીયા, હન્ગેરી, ત્રેનસીલવેનીયા.

રૂપા માટે. બોહમીયા, હન્ગેરી, ત્રેનસીલવેનીયા, સેક્ષોની, હેનોવર, ટરકી, નોરવે, સ્પેન.

પારો. ઇટાલી, સ્પેન, ખેવેરીયા.

લોખંડ. ઇંગરેજીટાપુમાં, બેલજીયમ, ફ્રાન્સ, રસીયા, જરમની, સવીડન, નોરવે, ઇટાલી, સ્પેન.

તાંબુ. ઇંગરેજી ટાપુમાં, રસીયા, હન્ગેરી, સવીડન, નોરવે ટરકી, જરમની, સ્પેન.

શીસુ. સ્પેન, બ્રીટીશ ટાપુમાં, ઇટાલી, હન્ગેરી, બોહનીયા, જરમની, ફ્રાન્સ, નોરવે.

જસત. ગરેટબ્રીટન, બેલજીયમ, જરમનીમાં.

ટીન. ઇંગલાંડ, સ્પેન, બોહીમીયા.

કોલસ્યા. બ્રોટીશ, બેલજીયમ, ફ્રાન્સ, જરમની, રસીયા, સ્વીડન, હન્ગેરી.

નીમખ. રસીયા, અસ્ત્રેલીયા, પોલાંડ, ગેલીસીયા, ફ્રાન્સ, સ્પેન, બ્રીટીશ ટાપુમાં, પોરટુંગલ, જરમની.

સ—યુરોપની વસ્તી ૨૭) કરોડનીછે તેમાં કેટલા વર્ગો, ચાંત્રોછે?

જ—શુધ્ધ લોહીનાંનો વર્ગ.	વસ્તીની. સંખ્યા.
ટયુટાનીક...	૫૨૦૦૦૦૦૦
સેકલે વોન્યા...	૫૦૦૦૦૦૦૦
સેલટીક..	૧૨૦૦૦૦૦૦
મેગીયર.	૯૦૦૦૦૦૦
ફીન્નસ અને સેમોઇડસ....	૩૦૦૦૦૦૦
તેરતર...	૨૦૦૦૦૦૦
જુવસ....	૨૦૮૦૦૦૦
મિશ્રિત લોહીનાનો વર્ગ.	
ટયુટાનીક સેલટીક....	૨૨૦૦૦૦૦૦
ટયુટાનીક સેકલે વોન્યા.	૬૦૦૦૦૦૦
ટયુટાનીક વાલુનસ...	૧૨૦૦૦૦૦
ટયુટાનીક નાર્થમેન...	૧૫૦૦૦૦૦
સોલટીક.	૫૬૦૦૦૦૦૦
સકલે વોન્યા....	૬૦૦૦૦૦૦
લીટોનસ..	૨૦૦૦૦૦૦
ટરકી....	૪૦૦૦૦૦૦
ટરકો તેરતર...	૨૬૦૦૦૦૦
કોળમક (નદીની વસ્તીના)....	૩૦૦૦૦૦
જીપસીસ..	૬૦૦૦૦૦
વધારાના અથવા પરદેશિયો	૩૭૮૦૦૦૦૦

સ—યુરોપમાં સર્વે પહાડ અને ડુંગર અને તેની લંબાઈ, શિખરની ઊંચાઈ કેટલી છે?

૪—ઘણાછે તેની વીગત લંબાઈ મેલ, ઊંચાઈ ફુટ.

એલેફન(ટરકીમાં) પાહડો ૨૦૦૦થી ૩૦૦૦ શેરા ટેપ ૧૦૦૦૦

પીનડસ ટરકીથી ગ્રીસ સુધી હારડોર ૫૦૦૦ થી ૬૦૦૦

સેગ્રા, એનસી નેટ આલીંપસ.	૯૭૫૪
ફીસ્રાવા, એનસીનેટ.	૬૪૦૭
એગોરા.	૫૩૧૦
મોનટ સેનટો	૬૩૪૯
ગુઇયોના.	૮૨૩૯
લીયેખુરા.	૮૦૬૮
હેલીયસ, યેનસીનેટ, નીજટસ.	૭૯૦૦

ડીનેરક પૂર્વ તરફના ડુંગરો ડેલમેટયા અને ક્રેટયા ૪૦૦૦થી ૫૦૦૦

ફ્રામ.	૬૦૦૦
ડીનેરા.	૭૪૫૮
ફલીક.	૬૯૨૬

પાહાડ ઇલીરીયા, સ્ટીરયા, તાયરોલ, ઇટાલી, સ્વીઝરલાંડ, ફ્રાન્સ ૮૦૦૦ થી ૯૦૦૦

ડુંગર ટરગલોય.	૧૦૮૬૬
ગરાસગલોકનર.....	૧૨૭૬૬
ડરી હીરન સ્પાયટીજ......	૧૦૧૨૨
ગ્રીનર...	૪૬૬૦
આરટલર—સ્પીતઝ...	૧૨૮૫૨
સ્ટીલવીયા....	૯૧૭૭

રપલુજન...... .. .. ૬૯૪૬
બરનારડીનો.. .. .. ૭૦૧૫
ઓથેરડ... .. .. ૧૦૫૯૫
ચાલું મળતા. ૬૮૦૮
ફરક... ... . ૧૪૦૩૭
લીયોન, સીંપલોન... .. .. ૧૧૫૪૧
ચાલું મળતા. ૬૫૭૮
રોસા. ૧૫૧૫૮
સરવીન... .. .. ૧૪૮૩૭
ચાલું મળતા. ૧૧૧૦૦
મોહટો બર નેરડ. ૧૧૦૫૩
હાઆપીશ.. ... ... ૭૯૬૩
ચાલું મળતા..... ... ... ૮૧૭૩
મોનટ બજેનક.... ... ... ૧૫૭૪૪
નાહનો બરનેરડ... ... ... ૯૫૯૧
ચાલુ મળતો... ... ... ૭૧૯૨
મોનટ ઇઝરેન.... ... ... ૧૩૨૭૪
મોનટ સીનીસ... ... ... ૧૧૪૬૦
ચાલુ મળતો.... ... ... ૬૭૭૫
જીનીવર... ... ... ૧૧૭૮૫
ચાલું મળતા... ... ... ૬૧૧૯
મોનટવીસા... ... ... ૧૨૫૮૬

ઉત્તરતરફના બરનીઝ પાહડ.

ચાલુ મળતા ગ્રીમઝલ.. .. .. ૮૪૦૦

ફીન્સટર ગ્રેર હારન... .. .. ૧૪૧૦૦

જનગફ્રેન.. .. .. ૧૩૭૧૮

સચરીક હારન.... .. .. ૧૩૩૮૬

વીટર હારન... . ... ૧૨૨૧૦

ફ્રાન્સ અને સ્વીટઝરલાંડવચ્ચે ડુંગરો૩૦૦૦ થી ૪૦૦૦ ફુટ.

સીરીકુલટ ,, ૫૬૨૭

મોનટ ટેનડર ,, ૫૫૪૧

ઈટાલીને લગતા પાહાડો ૩૦૦૦ થી ૫૦૦૦ ફુટ.

મોનટ સીમોન. ,, ૬૯૭૫

મોનટ સીબીલા. ,, ૭૨૧૨

મોનટ કાનો. .. ... ,, ... ૯૫૨૧

મોનટ વીસુવ્યસ... ... ,, ... ૩૯૩૨

દક્ષિણે. અરબચરા ત્રેનશીલવેન્યા અને વેલચીયા,,... ... ૦

પોઇવા રચકો... ... . ,,......૯૯૧૨

વેલકેનપેશ ચાલુ . ...,,...... ૦

રાધર થર્મ. . ,, ... ,,...... ૦

સઝર્લ. ... ...,,...... ૭૫૭૪

તાર્જબર્ગ.... ....,, ... ૦

બકહીરટ... ... . ,, ...૮૭૦૦

ટામોસ..ચાલુ. ... . ,,.. ... .. ૦

અરબચરા, ડુંગરો, ત્રેનસીલવેન્યા, હનગેરી, માંલદેવ્યા, ગેલીસ્યા વચ્ચે...... ૫૦૦૦થી ૬૦૦૦ ફુટ.)

ટેરા. ... .,, ... ૮૫૨૪

આબુ, જેબલન્કા. ... .,, ... •

ડુંગર, મેટરા. .. ..,,,.. ..૩૩૧૨

સડીટીક નામે ડુંગરો જરમનિ અને હરસીનીયનમાં સીલ સ્યા, મોરેવ્યા અને બોહીન્યા વચ્ચે ૩૦૦૦થી ૪૦૦૦ ફુટ.

સ્ચનીબર્ગ. .. .. ,,.. .. ૪૭૮૪

રીસોન જ ગ્રીજ, સોલીસ્યા અને બોહીમ્યા વચ્ચે ૩૦૦૦થી ૪૦૦૦ ફુટ.

સ્યગ્ની કાંફ.... ... ... ૫૨૭૪

હરઝ જ ગ્રીજ સેકસોની અને બોહીમ્યા. વચ્ચે. ૨૦૦૦થી ૩૦૦૦ ફુટ.

સોનનીન વીરબલ... ... ... ૪૧૨૪

મેરીસચી જાગ્રીજ, બોહીમ્યા અને મોરેવ્યા વચ્ચે. ૨૧૭૮ ફુટ.

બોહમીર વેલડ. બોહીમ્યા અને બે વેરયા વચ્ચે. ૩૦૦૦ થી ૪૦૦૦ ફુટ.

રીચીલ બર્ગ.... ... ... ૪૫૬૧

ફીચટલ જ ગ્રીજ અને બે વેરયા.

સ્ચની બર્ગ... ... ... ૩૪૬૧

થર્ન જર વેલડ. સેચસીન, કોબર્ગ, અને હીસીન વચ્ચે ૨૦૦૦થી ૩૦૦૦ ફુટ.

સ્ચની કાંફ. ૩૦૭૩

હરેઝ હેનોવર બ્રાકીન. ૩૬૫૮

સ્યવેરજ વેલડ. બેડીન વચ્ચે ૨૦૦૦ થી ૩૦૦૦ ફુટ.

ફ્રીલ્ડબર્ગ. ૪૬૭૩

ફરાન્સમાં ડુંગરો નીહાર. ૨૦૦૦ થી ૩૦૦૦ ફુટ.

મોન્ટ લોજર.. .. .. ૪૮૮૪

મીઝીન. ૫૮૧૯

ટરેર. ૪૭૫૫

લેનગ્રેસ. ૧૦૦૦ ફુટ... .. .. ૦

બેલાનડ એલસેસ. ૪૧૨૪

સુલટઝ. ૪૬૯૩

ડોન નીરસ બર્ગ. ૨૨૨૫

ફ્રોરીઝ પીર્રીસર હયુટ. ૫૪૪૩

પુવરગની.

પલોંબડુ કેનટલ... .. .. ૬૦૯૩

પુડી સેનસો..... .. .. ૬૨૨૧

પુડી ડોમી. ૪૮૪૬

ફરાન્સ અને સ્પેનની વચ્ચે ડુંગરો ૭૦૦૦થી ૯૦૦૦ ફુટ.

ચાલુ, રૈટ.... .. .. ૭૪૭૩

મોન્ટકેલ. ૧૦૬૬૩

પીકડી નીથાવ, મોળડીટા... .. .. .. ૧૧૪૨૬

ચાલુ, વીનેસકુઈસ.. .. .. ૭૯૧૭

મોન્ટ પરડું.... .. .. ૧૦૯૯૮

ચાલુ, ગેવરની. ૭૬૫૪

પીકડું મીડી. ૯૫૪૦

કેનટેબ્રીયન ડુંગરો ૪૦૦૦ થી ૬૦૦૦ ફુટ.

બે પીનડી પીનેરડા... .. .. ૧૦૯૯૮

સીઅટી બરીયન ડુંગરા.

સીરેડ ઍાક. ૫૪૫૦

સીરા મોલીના. ૪૫૦૦

કેસટી લીયન ડુંગરની હાર. ૪૦૦૦ થી ૫૦૦૦ ફુટ. ૦

આલુ, શામો સાયરા ૪૯૪૪

પેલેસ આફથી દસકુરીયલ. ૩૨૬૪

સાયરા ડી ગ્રીડાસ. ૧૦૫૪૮

સાયરા ડી દસત્રીલા, પોરટુંગાલમાં. ૭૫૨૪

ટોલીડા વચ્ચે ... ... ૩૦૦૦ થી ૫૦૦૦ ફુટ. ૦

સાયરાડી ગ્યુડાલુપ ૫૧૧૫

શાયરા, મોરીના. ... ૨૦૦૦ થી ૩૦૦૦ ફુટના.

પ્યુરટા ડી રી ૨૨૭૪

સાયરા, મોનચીકુવ પોરટુંગલ. ૪૦૭૯

સાયરા, નીવેડામાં ... ૬૦૦૦ થી ૯૦૦૦ ફુટ.

પીયેક આફમળ હેરન. ૧૧૧૫૧

પીયેક આફ પીલીટા. ૧૧૩૮૯

ધી એલ પકસેરાસ... .. .. ૯૧૬૫

રાક આફ જીબ્રેલટર. ૧૪૩૭

ધી સ્કેનડીના વ્યનના ડુંગરા.

હેરડેનજર રણમાં (ફીલડ.). ૫૭૮૮

ફીલી—આલુ રણમાં.. .. .. ૩૯૭૫

સ્કેગશટેલિ તીનડ લાંબારણમાં.. .. .. ૮૧૦૧

સ્પની હયેટીન.	૮૧૨૦
સીલ ફીલીન..	૬૪૮૬
સુલીટીલમ.	૬૧૭૮
ઊત્તર ભુશિરના ટાપુ મેજરોઈ.	૧૧૬૧
ધી યરલના ડુંગરોની હાર ૨૦૦૦થી ૨૫૦૦ ફુટ-	
કાનજે કોવકી.	૫૩૯૭
ઇયેમન.	૫૪૦૦
ઈરીમાળ.	૫૦૭૫
કેપુસીયન ડુંગરોની હાર ૮૦૦૦થી ૯૦૦૦ ફુટ.	
ઈલિબર્ઝ.	૧૮૪૯૩
કેશબ્પીક.	૧૬૫૩૦
ચ્યાલુ, ડેરીયલ.	૮૦૦૦
ચેટીર ડેઘ (કરાઇમીસ...	૫૧૧૦

સ—યુરોપમાં પાણી અને ભૂમીનો ભાગ કેટલોછે ?

જ—યુરોપખંડમધ્યે ભૂમીથી વહેતા પાણીનો ભાગ ત્રણ અથવા ચાર હીસ્સે વધારેછે. સફેદ સમુદ્રનું ક્ષેત્રફળ વીસ લાખ ઈસ્કુયર મૈલછે, કાળો સમુદ્ર આઠ લાખ મૈલછે. ભૂમધ્ય કાળો સમુદ્ર ત્રણ લાખ મૈલછે. કાસ્પીયન સમુદ્ર સાત લાખ મૈલછે. તથાવેહેતી નદિઓ તે એટલાંટીક માહાસાગરને મળતી આઠ લાખ મૈલછે.

સ—યુરોપની ભૂમીમાં સરોવર (તળાવ) કેટલાછે તેનું ક્ષેત્રફળ, ઉંચાઈ ઊંડાઈ કેટલીછે ?

જ—સ્થિતીમાં. દેશનું, તળાવનું, નામ, ક્ષેત્રફળ, ઉંચાઈ. ઊંડાઈ મૈલ.

રશિયા.	સેડોગા.	૬૩૩૦	૦	૦
,,	એનીગા.	૩૨૮૦	૦	૦
,,	ઇલિમન.	૩૬૦	૦	૦
,,	પીઇપોસ.	૧૨૫૦	૦	૦
,,	પસકાવ.	૨૮૦	૦	૦
,,	ખાલિઈ	૪૨૦	૦	૦
,,	રયમે.	૨૦૦૦	૦	૦
,,	ઇનેરા.	૧૨૦૦	૦	૦
સ્વીડન.	વીનર.	૨૧૩૬	૧૪૪	૨૮૮
,,	વીટર.	૮૪૦	૨૮૮	૪૩૨
,,	માયલેર.	૭૬૦	૩	૦
નારવે.	માયોસીન.	૩૦૦	૪૨૦	૦
આલિફીના સ્વીજરલાંડમાં	જીનીવા.	૨૪૦	૧૨૩૦	૧૦૧૨
,,	ન્યુફ્ચેટલ.	૧૧૫	૧૪૩૭	૪૨૬
,,	લુસરની.	૯૯	૧૪૩૦	૬૦૦
,,	જરીચ.	૭૬	૧૩૩૨	૬૦૦
,,	કાન્સડેન્સ.	૨૨૮	૧૨૯૯	૨૩૩૪
,,	થન.	૨૨	૧૮૨૪	૦
,,	બ્રીનજ.	૧૫	૧૮૫૦	૦
હનગેરી.	ન્યુસીડલર.	૧૫૦	૩૫૦	૧૩
,,	બલેટન	૨૫૦	૬૧૮	૩૬
ઇટાલી	લેગોમેગજ્યાર	૧૫૨	૬૭૮	૨૬૨૫
,,	કોમો	૬૬	૬૮૪	૧૬૯૮

,,	ગારડા	૧૮૩	૩૨૦	૯૫૧
એલબેન્યા	સ્કુતેરી	૧૭૦	•	•
,,	એચરીડા	૧૦૦	•	•
,,	ઇએનીયા	૩૦૦	•	•

સ—યુરોપના વાવ્ય ખુણામાં કિયા દેસો આવેલાછે ?
જ—ગ્રેટ બ્રિટન તથા આયલેંડ, નારવે તથા સ્વિડન.
સ—યુરોપના ઇશાનતરફના મેદાનમાં કિયા શેહેરો આવેલા છે ?
જ—રસિયા, પ્રસિયા, ડેનમાર્ક, હૉલંડ તથા બેલજીઅમ.
સ—યુરોપના મધ્ય ભાગમાં કિયા શેહેરો આવેલા છે ?
જ—ફરાન્સ, સ્વિઝરલંડ, જરમન રાજ્યો, તથા આસ્ત્રીયા.
સ—દક્ષિણતરફના દ્વિપકલ્પોમાં કિયાં શેહેરો છે ?
જ—પોરટુંગલ, સ્પેન, ઇટાલી, ગ્રિસ, તથા તુરકી.
સ—યુરોપના કિનારામા જોસાબંદ પાણી કયાંથી આવેછે ?
જ—ઘણા સમુદ્ર તથા અખાતમાંથી.
સ—રસિયાની ઊત્તરે કિયો સમુદ્રછે ?
જ—સફેદ સમુદ્ર.
સ—રસિયાની પસ્ચિમે કિયો સમુદ્ર આવેલોછે ?
જ—બાલટિક સમુદ્ર.
સ—બ્રિટનની પુર્વે કિયો સમુદ્ર આવેલો છે ?
જ—ઊત્તર સમુદ્ર અથવા જરમન માહાસાગર.
સ—યુરોપને આફરીકાથી છુટો પાડેછે તે સમુદ્ર કિયો ?
જ—ભુમધ્ય સમુદ્ર.
સ—ઇટલિ તથા તરકિવચ્ચે ભુમધ્યનો આવેલો ફાંટોછે તે કિયો ?

જ—એડરીએટીક સમુદ્ર.

સ—એશિયા માઇનરની ઉત્તરે સમુદ્ર આવેલો છે તે કિયો ?

જ—કાળો સમુદ્ર.

સ—યુરોપના ઇશાન ખુણામાં શું આવેલું છે ?

જ—મ્હોટું મેદાન.

સ—યુરોપમાં સઉથી ઉંચા પાહાડો કયા છે ?

જ—આલ્પ પાહાડો, તે મધ્યભાગમાં છે.

સ—સર્વેથી ઉંચામાં ઉટબ્લૅન્કની ઉંચાઇ કેટલી છે ?

જ—તેની શિખરની ઉંચાઇ આસરે ત્રણ મેલ છે.

સ—ઇટાલીની વચ્ચે કિયા પાહાડો આવેલા છે ?

જ—એપિનાઇન્સ.

સ—ફરાન્સને સ્પેનથી જુદો પાડે છે તે કિયા પાહાડો ?

જ—પિરિનિઝ.

સ—નૉરવેના કિનારા આગળ કિયા પાહાડો આવેલા છે ?

જ—સ્કેનડિને, વિઅનસ પાહાડો.

સ—બૉલટિક સદુદ્રને કિઇ નદિ મળે છે ?

જ—વિસ સ્યુલા.

સ—ઉત્તર સમુદ્રને કઇ નદિયો મળે છે ?

જ—એલ્બ, રાઇન, તથા ટેમ્સ.

સ—આટલાંટિક માહાસાગર ને કિઇ નદિઓ મળે છે ?

જ—સિન, લૉયર તથા ટેગસ.

સ—ભુમધ્ય સમુદ્રને કિઇ નદિઓ મળે છે ?

જ—ઇબ્રો તથા રોન.

સ—કાળા સમુદ્રમાં મોહટી નદિ વહેછે તે કઇ?

જ—ડૅન્યુબ.

સ—કારિપઅન સમુદ્રને યુરપની સઉથી મહોટી નદિ મળેછે તે કઇ?

જ—વૉલગા.

સ—યુરપની આબો હવા કેહેવી છે?

જ—ઉત્તરતરફના ભાગો ઠંડાછે, દક્ષિણતરફના જુજ ગરમ છે.

સ—યુરોપમાં મુખ્ય અનાજ શું થાયછે?

જ—ઘઉં, ઓટ, તથા જવ.

સ—યુરોપમાં પાલેલાં પ્રાણિઓમાં મુખ્ય શું છે?

જ—ઘોડા, બળદ, મેંઢા, બકરા, ડુક્કર, તથા કુતરા.

સ—યુરોપમાં થોડી સંખ્યાવાળા પ્રાણીછે તે કિયા?

જ—સિકારી પ્રાણિયો તથા ઝેરી સરપો.

સ—યુરોપ ખંડે, હુન્નર, કળા, કૌસલ્ય અને હાથ કારીગીરીની શોધ પ્રથમ કયાંથી કીધી?

જ—ચીન, જાપાન અને હિંદુસ્તાન ઇતિયાદીમાંથી.

સ—વરાળ યંત્રની પ્રથમ શોધ કયાંથી થઇ?

જ—યુરોપમાંથી.

સ—યુરોપમાં મુખ્ય ઉદ્યોગ શુ છે?

જ—ખેતવાડી, વરાળ યંત્રથી હજારો જણસો બનાવવાના કારખાના તથા વેપાર.

સ—ઇંગ્રેજી ટાપુઓ જેને ગ્રેટબ્રિટન કહેછે તે કયા, અને તેનું ક્ષેત્ર: ફળ, વસ્તી, લસકર અને તેની ઉપજ કેટલી છે?

જ—ઉત્તર સમુદ્ર, તથા એટલાંટિક માહાસાગરની વચ્ચે દક્ષિણમાં

ઇંગલંડ, વેલ્સ તથા ઉત્તરમાં સ્કાટલંડ. તેનું ક્ષેત્રફળ ૧૧૯૭૨૯ મૈલ છે, વસ્તી ૨,૯૦,૫૯,૦૦૦ છે, લસકર ૨૨૯૦૦૦ છે, મેહશૂલ દરવર્ષે સીત્તેર કરોડ રૂપીયાની છે.

સ—ઇંગ્રેજી ટાપુઓમાં સ્વતંત્ર રાજ્ય કયાછે?

જ—ઇંગ્લંડ, વેલ્સ, સ્કાટલંડ, તથા આયરલંડ.

સ—ઇંગ્લંડ ને લગતા ટાપુઓ, અને ઉંચા પાહડો છે તે કયાછે?

જ—દક્ષિણમાં ઉવાઇટ, તથા આઇરિશ સમુદ્રમાં મેનનો ટાપુછે, અને ઉંચો પાહાડમાં વેલ્સમાં સ્નોડન નામે છે.

સ--ઇંગ્લંડમાં સઉથી મોહટી નદી કઇછે; તેનું ક્ષેત્રફળ કેટલુંછે?

જ—સેવર્ન જે બ્રીસ્ટલ ચૅનલમાં વહેછે, તેનું ક્ષેત્રફળ ૫૦૯૨૩ મૈલ છે.

સ—ઇંગ્લંડની આબો હવા કેહવીછે, અને ત્યાં મુખ્ય બનાવટ શુછે?

જ—આબો હવા (શાંત) ભીંની, મધ્યમ છે, બનાવટમાં સુતરાઉ, ઉનનું, રેસમનું, કાપડ, ધાતુઓની, ચાંમડાની ઇતિયાદીની બનાવટથી ચીજો બનાવેછે.

સ—બ્રીટીસ સરકારની રાજ્ય ચલાવવાની રીત કેહેવીછે?

જ—દહાપણ ભરેલી રીતે હદથી રાજ્ય કારભાર ચલાવવાને (બે) ધારા બાંધનારી સભા ઠરાવેલીછે, તેમાં કેટલાક ગ્રહસ્થો, અમલદારો અને અમીર ઉમરાવોને તે સભાનું કામ ચલાવવાને વંશ પરામપરા ઠેરવેલાછે, લાર્ડની સભાનું નામ(ધી હાઉશ આફ લાર્ડસ) અને બીજી સભાનું નામ (ધી હાઉશ આફ કૉમૉન) એ બેહુ સભાના અમલદાર આસરે એક હજારથી વધારેછે; એ બીજી સભાનું કામ પ્રથમ કાયદા, અરજીઓ

અને રાજનિતી માટે નો સર્વે વહીવટ ચલાવવાને માટે ધી હાઊશ આફ કૉમૉનની સભામાં પ્રથમ તકરાર કરીને એક બાજના અનુમતે હરયેક બીના કબુલ થયા પછી તે બીના ધી હાઊશ આફ લાર્ડસની સભામાં મંજુરીને માટે મોકલે છે, તે સભામાં બાહલ રાખે તોજ મંજુરથાયછે. અગર લાર્ડની સભા જો ના મંજુર કરેતો રદ થાયછે. તે લાર્ડની સભાના સરનશીન અથવા પ્રમૂખની જગ્યા મહારાણી વીક્ટોરીઆની માલેકી છે.

સ—દુન્યાના ભાગમાં) બ્રીટીશ રાજ્ય એટલે અંગ્રેજી રાજ્યની હદ, તેનું ક્ષેત્રફળ અને તેની વસ્તી કેટલીછે?

જ—યુરોપમાં બ્રીટીશ ટાપુઓ. સ. ૧૮૬૧ માં.

	ક્ષેત્રફળ મૈલ.	વસ્તી.
ઇંગલાંડ અને વેલસ.	૫૮૩૨૦	૨૦૦૬૧૦૦૦
સકાટલાંડ.	૩૦૦૮૪	૩૦૬૧૦૦૦
આયરલાંડ.	૩૨૫૧૩	૫૭૬૫૦૦૦
નહાના બેટ, નદિઓનાં ટાપુ.	૩૧૩	૧૪૩૦૦૦
હીલીગોલાંડ.	૧	૨૮૦૦
જીબ્રેલટર.	૨	૧૭૭૫૦
માલટા અને ગોઝા.	૧૨૨	૧૩૮૦૦૦
એસિયામાં, બ્રીટીશ ઇંડિયામાં		
બંગાળ ઇલાકો.	૪૯૪૪૧૬	૮૬૦૧૧૫૦૦૦
મદરાસ ઇલાકો.	૧૩૦૬૯૭	૨૩૩૦૨૦૦૦
મુંબઇ ઇલાકો.	૧૩૯૪૦૫	૧૧૮૩૮૦૦૦

રક્ષણ કરેલા રાજ્ય	૬૨૪૦૦૦	૬૪૭૫૩૦૦૦
બ્રીટીશબ્રમાં.	૮૬૫૦૦	૨૦૦૦૦૦૦
મલાક્કામાં.	૧૫૭૫	૨૭૪૦૦૦
સીલોન.	૨૫૭૪૨	૧૮૭૬૦૦૦
એડન.	૯	૪૦૦૦૦
હોંગકોંગ.	૩૦	૮૭૦૦૦
લેબ્યન.	૨૬	૧૮૦૦
આફ્રિકામાં પશ્ચિમે ગેમબ્યા, સાપરા, લીયાન ને (શોનું મળવાની જગ્યા.)	૬૨૩૨	૪૯૮૦૦૦
કેપસંસ્થાન, કેપ આફ ગુડહોપ, અને બ્રીટીશકેફ રેરીયા.	૨૦૨૭૦૦	૨૬૭૦૦૦
નેટલ.	૨૨૦૦૦	૧૬૦૦૦૦
એસીન સીયન.	૩૪	૫૦૦
હીલીના.	૪૭	૬૦૦૦
મેયરીટીયસ.	૮૬૪	૩૧૯૫૦૦
અમેરિકામાં—(કેનેડા.	૩૫૦૦૦૦	૨૫૦૦૦૦૦
ન્યુબરંન્સવીક.	૨૭૭૦૦	૧૯૩૦૦૦
નોવા સ્કાટીયા.	૧૮૭૨૫	૨૭૭૦૦૦
પ્રીન્સ એડવર્ડના ટાપુ.	૨૧૩૦	૮૦૦૦૦
ન્યુફાઉનડલાંડશ.	૩૬૦૦૦	૧૨૨૦૦૦
બ્રીટીશ કોલંબ્બીયા.	૨૨૫૦૦૦	૬૪૦૦૦
વેનકાવરના ટાપુ.	૧૪૦૦૦	૨૫૦૦૦
ત્રીટારી અને લેબરેડાર.	૨૫૦૦૦૦૦	૧૦૦૦૦૦

બ્રીટીશગોયન્યાઅનેહનડયુરેસ૯૬૬૬૩		૯૭૭૦૦૦
બરમડાના ટાપુઓ.	૨૨	૧૧૦૦૦
ફેલકલાંડના ટાપુઓ.	૬૦૦૦	૬૦૦
આસ્ત્રેલીયા અને પાલીનીસીયામાં.		
ન્યુ સાઊથ વેલસ.	૩૧૦૦૦૦	૩૬૫૦૦૦
કુઇન્સલાંડ.	૬૭૦૦૦૦	૫૬૦૦૦
વિક્ટોરિયા.	૯૦૦૦૦	૫૫૦૦૦૦
દક્ષિણ આસ્ત્રેલીયા.	૯૦૦૦૦૦	૧૪૧૦૦૦
પસ્ચિમ આસ્ત્રલીયા.	૯૮૦૦૦૦	૨૦૦૦૦
ટેશમેન્યા.	૨૬૨૦૦	૯૦૦૦૦
ન્યુંઝીલાંડ.	૯૯૫૦૦	૧૫૫૦૦૦

જુમલે મૈલ. ૮૨૧૨૫૯૬. વસ્તી જુમલે. ૨૨૪૩૭૯૦૦૦.

સ—બ્રીટીસ રાજ્ય નિતી અને નવા કરો બેશાડવાની રીત કહેવી છે?

જ—ત્યા મહારાણી વિક્ટોરિયા રાજ્ય કરેછે, રાજ્ય નિતી મર્યાદાની છે. સર્વે રૈયતે કબુલ રાખ્યાથી નવા કરો બેશાડે છે.

સ—ઇંગ્લંડની રાજ્યધાનિ કયાછે, તેની હદ અને વસ્તી કેટલી છે?

જ—લંડન. તે ટેમ્સ નદિપર છે, તે પૂર્વ, પસ્ચિમે લાંબુ આઠ મૈલછે. તેની સાંમે બાજુએ પાંચથી છ મૈલછે. તે દુન્યામાં હાલ સર્વથી ધનવાન ગણાય છે; તેમા વસ્તિ આસરે ત્રીસ લાખ નીછે.

સ—ઇંગ્લંડમાં વેપારનું બીજુ શેહર કયુ છે?

જ—લિવરપુલ નામે વાળ્ય કોણેછે, તે ઊત્તર દક્ષિણ ૩૧ મૈલ લાંબુ છે, તેમાં મુખ્ય વેપાર રૂનો છે.

સ—ત્રીજુ વેપારનું શેહર કયુંછે ?
જ—બ્રિસ્ટલ નામે નૈરૂત્ય કોણેછે.
સ—ઇંગ્લંડની ઊતરે રૂના કારખાના ને માટે પ્રખ્યાત શેહર કયુંછે ?
જ—મન્ચેસ્ટર, કાપડ, સુતરના સેંકડો કારખાનાનું શેહરછે.
સ—ધાતુની (બનાવટ) ને માટે પ્રખ્યાત કયા શેહરોછે ?
જ—બરમીંગ હાંમ તથા શેફિલ્ડ.
સ—ઊંનના કારખાનાની જગ્યા કઇછે ?
જ—લીડસ, જ્યા ઊનનું શુતર અને કાપડ રંગીબેરંગી બનેછે.
સ—કુંભાર કામને માટે કયો પ્રાંતછે ?
જ—સ્ટૅફ્રડ; જે કુંભાર કામને માટે વખણાય છે.
સ—કોલશ્યાને માટે કિયો પ્રાંત છે ?
જ—ન્યુ કેસ્ટલ, વખણાય છે.
સ—પાઠ શાળાને માટે કયાં શેહરો છે ?
જ—ઓકસ ફોર્ડ તથા કૅંબ્રીજ પ્રખ્યાત છે.
સ—બ્રિટનને આરપાર આવેલા પાહાડો કયાંછે ?
જ—ગ્રૅં પિઅન્સ નામે સઊથી ઊંચા પાહાડો છે.
સ—સ્કૉટલંડના ત્રણ ભાગોના શેહર કયાંછે ?
જ—હાઇ લૅન્ડસ, લો લૅન્ડસ, તથા આઇરલંડસ.
સ—સકૉટલંડની રાજ્યધાનિ કયાછે ?
જ—એડિંબર્ગ, તે પૂર્વેછે, જે પોતાની ખૂબ સુરતીથી વખણાયછે.
સ—સ્કૉટલંડમાં સઊથી મોહટું શેહર કયુછે ?
જ—ગ્લાસ ગો, પસ્ચિમે છે; તે કારખાના, વૈંપારને લીધે પ્રખ્યાતછે.
સ—બ્રિટનની પસ્ચિમે ટાપુ કયોછે. તેની વસ્તી કેહવીછે ?

જ—આયરર્લંડ. જે હરીઆલી ભરેલો દેશ છે, તેની વસ્તી બુદ્ધી-
વાન, આણંદી છે પણ ઘણા ઊદ્યોગી નથી.
સ—આયર્લંડની રાજ્યધાનિ ક્યાછે; અને તે કઇ નદીપર છે ?
જ—ડબલિન, તે લિફિ નદીપર છે.
સ—આયરલંડમાં બીજુ શેહર કયું છે?
જ—બેલફાસ્ટ, જે સનના કારખાનાને માટે પ્રખ્યાત છે.
સ—નૉરથ અમેરીકા માં બ્રિટનના મુખ્ય રાજ્ય કયા છે.
જ—કેનેડા, હડસન, બે ટેરિટરીઝ.
સ—સાઊથ અમેરિકામાં મુખ્ય રાજ્ય કયુંછે ?
જ—બ્રિટિશ ગાયના.
સ—નૉર્થ અને સાઊથ અમેરિકાની વચ્ચે બ્રિટનના ટાપુઓ કયાછે?
જ—જેમેકા, ઊવેસ્ટ, ઇંડિઝના અને કેટલાક ટાપુછે.
સ—ઑશિન્યામાં મુખ્ય રાજ્યો કયાછે?
જ—ઑસ્ટ્રેલિયા, ટૅસમેન્યા, ન્યુ ઝીલૅંડ.
સ—યુરપના વાવ્ય કોણમાં પર રાજ્યના દેશો, તેની આબો હવા
અને ઊતપત્તી શુ છે?
જ—નૉરવે, સ્વિડન. આબો હવા ઠંડીછે. તેની જમીનમાંથી લોખંડ,
તાર, રાલ, ઇતિયાદી નિકલેછે.
સ—સ્વિડનની રાજ્યધાનિ કયાછે?
જ—સ્ટૉક હોમ, તે બૉલ્ટિક સમુદ્રપર છે.
સ—યૂરોપખંડની પૂર્વેતરફ દેશ કયાછે. તેની આબો હવા તેનું ક્ષે-
ત્રફળ, વસ્તી, લસકર અને ઉપજ કેટલી છે?
જ—રસિયા. તે સપાટદેશ છે, તેની આબો હવા ઊતરમાં ઠંડી, દક્ષિ-

ણમાં ગરમ છે. તેમાં ઘહું તથા સણ ઇત્યાદી ઉપજે છે. તેનુ ક્ષેત્રફળ વીસ લાખ મૈલ છે. વસ્તી આસરે. ૬૬૮૯૧૦૦૦ તથા લશકર ૮૦૦૦૦૦ છે મેહસૂલની ઉ-પજ દરવરષે ચાર અબજને દસ કરોડ રૂપીઆની છે.

સ—રસિયાની રાજધાનિ કયાછે, અને તેની રાજ્યનિતી કેહવીછે?

જ—સૅંટપીટર્સ બર્ગમાંછે. અને તે નીવા નદિપર છે, તેની રાજ્ય-નિતી આપ અખત્યાર રાજા છે.

સ—બૉલ્ટિક સમુદ્રની દક્ષિણે કયોદેશછે, તેનું ક્ષેત્રફળ, વસ્તી, લશ-કર અને ઉપજ કેટલી છે?

જ—પ્રસિયા. તેનું ક્ષેત્રફળ ૧૦૭૯૬૦ મૈલછે. વસ્તી ૧૮૪૯૧૦૦૦ તથા લસકર ૧૬૧૦૦૦ છે તથા દરવરષે મેહસૂલની ઉપજ (૧૯) કરોડ રૂપીઆની છે.

સ—પ્રસિયાની પસ્ચિમે કયો દેશછે અને તે કઈ નદિપર છે?

જ—રૈનિશ પ્રસિયા તે રાઇન નદિપર છે.

સ—પ્રસિયાની રાજ્યધાની કયાછે, અને રૈયતનો ઉદયોગ શું છે?

જ—રાજ્યધાની બરલીનમાં છે, તે સ્પ્રિ નદીપરછે. રૈયતનો ઉદયોગ ચીની કામના વાસણ અને સણનું કાપડનો પ્રખ્યાત છે.

સ—ડૈન માર્ક રાજ્યનું ક્ષેત્રફળ, વસ્તી, લશ્કર, ઉપજ અને રા-જ્યધાનીનુ શહેર કયાછે?

જ— ક્ષેત્રફળ ૨૨૦૩૬ મૈલછે, વસ્તી છવીસ લાખ, લસકર ૭૫૦૦૦ અને ઉપજ એક કરોડ વીસ લાખ રૂપીઆની છે. રાજ્યધાનીનું શેહેર ઝીલાંડના ટાપુપર કોપ્નહેગન છે.

સ—ડેનમાર્કનો ખડકનો પ્રખ્યાત ઉજડ ટાપુ કયો છે?

જ—આટલાંટીક માહાસાગરમાં આઇસલાંડ. તેના (ઉકળતા ઝરા તથા હેકુલાક નામે બળતા પાહાડથી પ્રખ્યાત થયો છે.

સ—જરમન મહાસાગરની દક્ષિણે કયો દેશ છે ?

જ—હાલંડ અથવા નેથરલેન્ડસ જે હરીઆલીનો સપાટ દેશ છે.

સ—હોલંડ તથા ફરાન્સની વચ્ચે નાહનો દેશ કયો છે, અને તેનું ક્ષેત્રફળ, તેનો ઊદયોગ શુ છે, તેના રસ્તા કહેવા છે, વસ્તી લશકર અને ઊપજ કેટલી છે ?

જ—બેલજીઅમ. જે ખિચો ખિચ વસ્તીથી ભરેલાછે, તેનો ઉદીયોગ કાપડ,ધાતુઓની બનાવટોનોછે, સફાઇદાર તેના રસ્તા, અને તેમાં આગગાડીનો આવ જાવનો મોહટો વહીવટ છે. તેનું ક્ષેત્રફળ ૧૧૩૭૫ મૈલ છે, વસ્તી ૪૭૮૨૦૦૦ છે. લશકર ૯૦૦૦૦ અને દર વર્ષે ઊપજ ૫૯૦૦૦૦૦૦ છે.

સ—બેલજીઅમની રાજધાની કયાંછે, તે સ્યાંને માટેપ્રખ્યાતછે ?

જ—બ્રસલ્સ. જે રંગીબેરંગી ગાલિચા અને જરીની ફીતને માટે.

સ—ઈગલિશ ચૅનલ તથા ઇંગ્લાંડથી જે દેશ જુદો પડે છે, તે કયો, તેનું ક્ષેત્રફળ વસ્તી લસકર, ઉપજ કેટલી છે ?

જ—ફ્રાન્સ. તેનું ક્ષેત્રફળ ૨૧૭૨૪૦ મૈલ છે, તેની વસ્તી ૩૬૭૫૮૦૦૦તથા લસકર ૭૬૦૦૦૦ થી વધારે છે. દર વર્ષે મેહશુલની ઊપજ સીતેર કરોડ અને હેસી લાખનીછે.

સ—ફરાન્સમાં મુખ્ય ઉદ્યોગ શુ, અને ઉતપત્તી, વસ્તીની ચાલ ચલણ કહેવી છે?

જ—ઊદ્યોગમાં ખેતીવાડી, દ્રાક્ષના વેલા, ઘઊં ઇત્યાદિ, દ્રાક્ષનો દારૂ, રેશમી અને ઉનનું રંગી બેરંગી કાપડના કારખાના, વસ્તીની

આબચબણુમાં ખુશમિજાજી, મેહેનતદાર ખાનાર, સબી-
પતાવાળા, ચન ચલ અને લડાઇના શૂરા છે.

સ—ફરાન્સની રાજ્યધાની ક્યાંછે ?

જ—પારિસ. તે યુરપમાં સઊથી મોહટું અને શૂરતી ભરેલું શેહેર, સીન નદીપરછે.

સ—ફરાન્સના પરદેશમાં મુખ્ય મુલકો ક્યાંછે ?

જ—અલજીરિઆ, તે ઉત્તર આફરિકામાંછે; કાયન તે દક્ષિણ અમેરિકામાંછે ; તથા કોચિનચાઇના તે એસિયામાંછે.

સ—જરમનો હુન્નર તથા વીદ્યામાટે કહેવાંછે ?

જ—જરમનીમાં પ્રથમ છાપવાનો હુન્નર, સ્વસકરીત ઇતિયાદી વીદ્યાની સોધ કરનાર તથા ગાયનને માટે પ્રખ્યાતછે.

સ—પ્રસિયાથી ઉત્તરનું જરમન સ્વતંત્ર રાજ્ય કયુંછે, તેનું ક્ષેત્રફળ. વસ્તી, લસકર, ઉપજ કેટલીછે ?

જ—બૅવેરિઆ. તેનું ક્ષેત્રફળ ૨૯૪૮૪ મેલછે. વસ્તી ૪૬૮૯૦૦૦ ની છે. લસકર,૫૭૦૦૦ અને ઉપજ ૩૭૦૦૦૦૧૦ નોછે.

સ—યુરોપમાં સઊથી નાહાનું જરમન સ્વતંત્ર રાજ્ય કયુંછે. તેનું ક્ષેત્રફળ, વસ્તી, લસકર, અને ઉપજ કેટલીછે ?

જ—સૅકસની. તેનું ક્ષેત્રફળ, ૫૭૭૫ મેલછે. વસ્તી ૨૨૨૫૦૦૦, લસકર, ૨૫૦૦૦ અને ઉપજ ૧૮૫૦૦૦૦ રૂપીઆનીછે,

સ—જરમનીમાં સઊથી મહોટું સ્વતંત્ર રાજ્ય કયુંછે, તેનું ક્ષેત્રફળ. વસ્તી,લસકર અને ઉપજ કેટલીછે

જ—(એલબ નદીપર હૅમબર્ગછે.) તેનું ક્ષેત્રફળ ૧૩૬ મૈલછે. વસ્તી ૨૨૦૦૦૦ આસરેછે. લસકર, ૧૮૦૦ તેની અને મેહસુલની ઉપજ ૫૧૮૦૦૦૦ રૂપીઆનીછે.

સ—ઑસ્ટ્રિયાની રાજ્યધાની ક્યાંછે. ક્ષેત્રફળ, વસ્તી, લસકર, અને ઉપજ કેટલીછે ?

જ—રાજ્યધાનીનું શહેર. (વિએના) ડેન્યુબ નદીપરછે. રાજ્યનું ક્ષેત્રફળ, ૨૪૯૯૪૩ મૈલછે. વસ્તી ૩૫૦૦૦૦૦૦ નીછે. લસકર ૮૦૦૦૦૦ ઉપજ ૩૦૦૦૦૦૦૦૦ નીછે.

સ—સ્પેનની પશ્ચિમે કયો દેશછે, તેનું ક્ષેત્રફળ, વસ્તી, લસકર, ઉપજ, તેની રાજ્યધાનીનું મુખ્ય શહેર કેહવાછે ?

જ—પોરટુંગળ. તેનું ક્ષેત્રફળ ૩૫૨૧૦ મૈલછે, વસ્તી ૩૧૯૩૦૦૦ છે. લસકર ૨૮૦૦૦ છે, ઉપજ ૨૨૪૧૦૦૦૦ છે, તેની રાજ્યધાનીનું શહેર લિસબોન તે ટેગસ નદીપરછે, ઊતપતી દ્રાક્ષના વેલા, તેનો દારૂ બનાવવાનો ઉદયોગછે.

સ—ફ્રાન્સની નૈરૂત ક્યો દેશછે, તેનું ક્ષેત્રફળ, વસ્તી, લસકર અને ઉપજ કેટલીછે ?

જ—સ્પેન. તેનું ક્ષેત્રફળ ૧૯૧૦૦૦ મૈલછે, વસ્તી ૧૫૪૧૪૦૦૦ લસકર ૨૦૦૦૦૦ તથા મહેશુલની ઉપજ ૨૦૦૦૦૦૦૦૦ રૂપીઆની છે; રાજ્યધાનીનું મુખ્ય શહેર મેડરીડ છે.

સ—યુરપની દક્ષિણે ક્યો દેશછે, તેનું ક્ષેત્રફળ, વસ્તી, લસકર, ઉપજ, કેટલી છે ?

જ—ઈટલિ. તે લાંબો ને સાકડો દ્વિપકલ્પ છે, તેનું ક્ષેત્રફળ ૯૭૦૦૩ મૈલછે, વસ્તી ૨૧૭૭૭૦૦૦છે, લશકર ૩૨૭૦૦૦ તથા મહેશુલની ઉપજ ૧૯૧૦૦૦૦૦૦ રૂપીઆની છે, તેમાં ધણી, દ્રાક્ષઈતિયાદી ઉતપન થાયછે,

સ—ઈટલિના મુખ્ય ત્રણ રાજ્ય ક્યાછે ?

જ—સારડિન્યા, તે ઊત્તરમાં, પાપના રાજ્ય મધ્યભાગમાં તથા નેપલ્સ દક્ષિણે છે.

સ—ટાઇબર નદિપર ઇટલિ રાજ્યધાનીનું શહેર કયુંછે?

જ—રોમ. જે અગાઊ દુન્યામાં સર્વથી મોહટું શહેર હતું.

સ—ઇટલિની નૈરૂતે ટાપુ કયાછે?

જ—સિસિલી તે ફળવત મોહટો ટાપુછે.

સ—તરકીની દક્ષિણે નાહનો દેશ કયોછે, તેનું ક્ષેત્રફળ, વસ્તી, લસકર અને ઉપજ રાજ્યધાનીનુ મુખ્ય શહેર કયું છે?

જ—ગ્રીસ. તેનું ક્ષેત્રફળ ૨૦૨૩૪ મૈલછે, તેની વસ્તી ૧૩૩૧૦૦૦છે લસકર ૮૯૦૦ તથા મેહશુલની ઉપજ ૪૮૩૦૦૦૦ રૂપીઆની છે. વસ્તી અગાઉ વિદ્યા, લડાઇમાં બાહદુર હતા તથા રાજ્યધાનીનું મુખ્ય શહેર એથન્સ છે

સ—કાળા સમુદ્રની પશ્ચિમે કયો દેશછે, તેનું ક્ષેત્રફળ, વસ્તી, લસકર, તેનો ધર્મ, ઉપજ, રાજ્યધાનીનું શહેર કયુંછે?

જ—પૂરપમાં તરકી. તેનું ક્ષેત્રફળ ૨૧૦૦૦૦ મૈલછે, વસ્તી ૧૫૫૦૦૦૦૦ માણસનીછે, લસકર ૩૦૦૦૦૦ છે, ધર્મ મહમદીયનછે, ઉપજ ૧૧૪૦૦૦૦૦૦ નીછે. રાજ્યધાનીનું શહેર કૉન્સટેનટિનોપલ તે બોસફોરસ નદિપર છે.

આફ્રિકા.

સ—આફ્રિકાની હદ અને તેનું ક્ષેત્રફળ, તથા વસ્તી અને તેની હાલત કેહવીછે?

જ—આફ્રિકા આખિ પૃથ્વિનો ભૂમધ્ય પાંચમો ભાગછે, તેની ઉત્તરે

મીડીતરેનીયનસમુદ્ર. પૂર્વે રાતો સમુદ્ર, તથા હિંદુસ્તાનનો મહાસાગર. પશ્ચિમે એટલાનટિક મહાસાગર, એસ્વેઝની સંયોગીભૂમાથી એશિયાનેજોડાયલો પૃથ્વિનોભાગનો મોહટો દ્વિપકલ્પછે. તેનું ક્ષેત્રફળ બાર લાખ મૈલછે, વસ્તી આસરે નેવું લાખ માણસનીછે, તે દેશનો કેટલોક ભાગ વન્સપત્તી ભરેલો ફળવંતછે અને ઘણો ખરો ભાગ રેતીનાજંગલ અને પાહાડોનોછે તેમાં હબસિઓની મોહટી વસ્તી જંગલી હાલતમાં રહીછે. તેની આબોહવા અતિશ્ય ગર્મછે.

સ—આફ્રિકાના ઇશાન કોણે શુછે, અને તે કઈ નદિપરછે ?

જ—ઇજીપત. તે આફ્રિકામાં મોહટી નાઇલ નદિપર છે. તેની ખુબ સૂરત ઇમારતો, મીનારા વેપારના બંદરથી પ્રખ્યાતછે.

સ—ઇજીપતની રાજ્યધાની કહ્યા શહેરમાંછે ?

જ—રાજ્યધાનીનું મુખ્ય શહેર કેરો તે આફ્રિકામાં સઉથી મોહટું શહેરછે, અને વેપારનું બંદર એલેક્ઝાંડરીયા તે ભૂમધ્ય સમુદ્રપરછે. અને રાતા સમુદ્રના મથાલે સ્વેઝનું બંદરછે.

સ—આફ્રિકાની ઉત્તરે શુ છે ?

જ—બારબરી સ્ટેટસ. જેમાં મહમદયન, હબસીઓ ઇતિયાદીછે.

સ—બારબરીની પશ્ચિમે શુ છે ?

જ—મોરોકો. જે વસ્તીથી ભરેલુ શેહેર છે.

સ—બારબરી સ્ટેટસમાં ફ્રાન્સનુ રાજ્ય કયું છે ?

જ—આલજીઅરસ.

સ—આફ્રિકામાં મોહટુ જંગલ કયું છે?

જ—સાહરા. તે કદમાં હીંદુસ્તાનથી આસરે બમણુ છે.

સ—સાહરાની દક્ષિણે શુ છે?

જ—સાઉડન. હબસીઓથી ભરેલું છે.

સ—આફ્રિકાના રાજ્યમાં વારે ઘડીયે શ્યાવાસ્તે લડાઇઓ હોય છે?

જ—હબસીઓને ગુલામ દાખલ પકડીને વેચવાથી.

સ—ગીનીના અખાતમાં મોહટી નદિ કઇ છે?

જ—નાઇજર.

સ—આફ્રિકાની દક્ષિણે શુ છે, અને તે શ્યા નામ માટે પ્રખ્યાતછે?

જ—કેપ કાલોની. તેની આસપાસ પોરટુગીઝ લોકોએ અગાઉ ફરીને હીંદુસ્તાનનો રસ્તો શોધી કહાંડયો, તે પેજાયે એનું નામ કેપ આફ ગુડ હોપ પડયુ છે.

સ—આફ્રિકાની અગ્નિકોણે ટાપુ કયો છે?

જ—મેડગાસકર. જે મોહટો ટાપુ છે.

અમેરિકા

સ—ઉત્તર અને દક્ષિણ આટલાંટિક તથા પાસીફીક માહાસાગરની વચ્ચે મોહટો ખંડ કયો છે. તેનું ક્ષેત્રફળ, વસ્તી, અને તેની ચાલ ચલણ, લસકર, ઉપજ કેટલી છે?

જ—અમેરિકા. તેના બે મોહોટા ભાગમાં એકને ઉત્તર તથા બીજાને દક્ષિણ અમેરિકા કેહ છે. તેનું ક્ષેત્રફળ ઉત્તરનું ૮૬૦૦૦૦૦ મૈલ છે તથા દક્ષિણનું ૭૦૦૦૦૦૦ મૈલ છે. વસ્તી બેઉ ભાગની ૭૦૦૦૦૦૦૦૦થી વધારે છે, તે દુનિયામાં સર્વથી મોહટું પ્રજાસત્તાક રાજ્ય છે. તેમાં યુરોપીઅન, સ્પાનીશ, અમેરિકન, આફ્રિકાના ઇત્યાદિના રેહેવાશીથી વસેલુ છે, તેવો બુદ્ધીવાન અને ચાલાક, એક બીજાથી

મેળ સેળ થઇને સહલુકાઇથી વરતે છે. તેવાને અમેરિકન ઇનડિયનસ કેહે છે.

સ—ઉત્તર તથા દક્ષિણ અમેરિકા કેવી રીતે જોડાયલા છે ?

જ—પેનમાની સંયોગી ભુમિથી.

સ—અમેરિકા ખંડની પ્રથમ શોધ કયારે થઇ, અને તે દેશ કેહેવા છે?

જ—૧૪૯૨ માં પ્રખ્યાત કોલમબસે કરી હતી, દુન્યામાં સરવથી મહોટી નદિ અને તળાવો અને ઘણી રશાળ તેની જમીનથી પ્રખ્યાત છે. તેની વસ્તી ખેતીવાડીના લાભથી શુખી અને સંતોષી હાલતમાં છે.

સ—ઉત્તર અમેરિકાના ઇશાણ કોણે શુ છે?

જ—ગ્રીનલાંડ નામે મોહોટો ટાપુ છે, જે ઉપર હમેશ્યાં બરફ હોય છે.

સ—ઉત્તર તથા દક્ષિણ અમેરિકાની વચ્ચે કયો ટાપુ છે?

જ—ધી વેસ્ટ ઇનડીયા ટાપુઓ.

સ—ઉત્તર અમેરિકામાં મોહટી નદિઓ કઇ છે ?

જ—માસુરી, મીસીસીપી.

સ—ઉત્તર અમેરિકામાં કનેડિઅન સરોવરમાં થઇને કઇ નદિ વહે છે?

જ—સેંટ લોરન્સ.

સ—ઊત્તર અમેરિકામાં સર્વથી મહોટું સરોવર કિયું છે ?

જ—લેક. તે સીલોનના સુપીરીઅરથી પંચમાળીસ ભાગ વધારે છે.

સ—ઊત્તર માહાસાગરમાં પરરાજ્યનો કીયો ભાગ છે ?

જ—બ્રીટીશ અમેરીકા.

સ—ઊત્તર માહાસાગરની નજદીક શું છે ?

જ—ઠંડા ઊજ્જડ મેદાનો.

સ—દક્ષિણઅમેરીકામાં ફુલવત પ્રાંત ક્યો છે ?

જ—કેનેડા.
સ—ઊત્તર અમેરિકાની વચ્ચે કીયો દેશ છે?
જ—યુનાઇટેડ સ્ટેટસ. (જોડાયલા રાજ્યો.
સ—તેઓ કિયા દેશથી પ્રથમ આવેલા કેહવાય છે?
જ—બ્રિટનથી.
સ—રાજ્યધાનિ કયાં છે?
જ—વાશિંગટન.
સ—અમેરિકામાં સર્વથી મહોટું શહેર કીયું છે?
જ—ન્યુયોર્ક, જે બીજું વેપારનું શેહેર છે
સ—ન્યુયોર્કથી ઊતરતું વેપારનું કિયું શેહેર છે?
જ—બોસ્ટન, જે પૂર્વ કિનારે છે.
સ—દક્ષિણ તરફના રાજ્યોની મુખ્ય પેદાસ શું છે?
જ—રૂ, ચોખા, ઇતિયાદી.
સ—રૂના વેપારનું મુખ્ય બંદર કિયું છે?
જ—ન્યુઓરલીઅનસ, તે મીસી સીપી નદીપર છે.
સ—પાસિફિક માહાસાગરપર મુખ્ય બંદર કિયું છે?
જ—સૅનફ્રાનસીસકો, તે કલીફોર્નીયામાં છે.
સ—યુનાઇટેડ સ્ટેટસની દક્ષિણે કિયો દેસ છે?
જ—મૅકસીકો.
સ—મૅકસીકો શ્યાને માટે પ્રખ્યાત હતું?
જ—તેની રૂપાની મોહટી ખાણોને માટે.
સ—દક્ષિણ અમેરીકાની પશ્ચિમે પાહાડોની હાર કઇ છે?
જ—એનડીસ, જેની ઊંચાઇમાં હિમાલય પર્વતથી ઊતરતી છે.
સ—દક્ષિણ અમેરિકામાં સઊથી મ્હોટી નદી કઇ છે?

જ—અમેઝોન, એ ગંગાનદી કરતાં આસરે ત્રણ ઘણી લાંબીછે.
સ—દક્ષિણ અમેરિકાના દેસો રૂપાની ખાંણોને માટે પ્રખ્યાત કિયાંછે?
જ—પીરૂ તથા ચીલી, તે પશ્ચિમ કિનારેછે.
સ—બ્રેઝીલની ખાંણોમાંથી મુખ્ય શું નીકળેછે ?
જ—સોનું તથા હિરા.
સ—દક્ષિણ અમેરીકા અગાઊ યુરપની કઈ પ્રજાઓને તાબે હતી
અને હાલ કોન્ને તાબેછે ?
જ—અગાઊ પોરટુગીઝ તથા સ્પેની અરડ રાજ્યને તાબે હતી અને
હાલ તે સ્વતંત્ર પ્રજારતાક રાજ્યછે.
સ—દક્ષિણ અમેરિકાના રાજ્યોમાં સર્વથી મોહટું કયું છે ?
જ—બ્રેઝીલ, ત્યાં પોરટુગાલના બાદશાહા વંશના રાજ્ય કરેછે.
સ—બ્રેઝીલની રાજ્યધાની કયાંછે ?
જ—રીઓ, જેનિરોમાં તે દક્ષિણ અમેરીકામાં છે.

ઓશિનિયા.

સ—ઓશિન્યા કયાંછે, તેનું ક્ષેત્રફળ, વસ્તી, કેટલી છે ?
જ—પાસિફિક માહાસાગરપર આવેલા ઘણા ટાપુઓ મળીને, તેનું
ક્ષેત્રફળ આસરે ચાળીસ લાખ ચોરસ મૈલ. વસ્તી, આસરે
ત્રણ કરોડ માણસનીછે.
સ—ઓશિન્યાના ત્રણ ભાગો કિયાછે ?
જ—મલેશિયા, તે પશ્ચિમેછે, ઑસ્ત્રેલ એશિયા, તે દક્ષિણેછે. તથા
પોલિનિસ્યા તે પૂર્વેછે.
સ—મલેશિયાના મુખ્ય ટાપુઓ કિયાછે ?
જ—સુમાત્રા, જાવા, બોરનીઓ, ફિલીપાન બેટા તથા મોલક્કાસ.

સ—મલેશિયાના ટાપુઓમાં ઊત્તપત્તી શ્યાની છે ?

જ—ત્યાંની વનસ્પતીમાંથી ગર્મ અથવા ખુશ્બોના મશાલાની.

સ—આસ્ટ્રેલીઆમાં કેટલાં ટાપુઓ આવેલા છે ?

જ—આસ્ટ્રેલિયા, ટાસમાન્યા, ન્યુગીનિ, ન્યુઝીલૅંડ ઇતિયાદી.

સ—આસ્ટ્રેલિયાની આબોહવા કેહવી છે અને તેમાં ઉત્પત્તી અને રેહવાસી કોણ છે?

જ—તે ઘણું કરીને ગરમ તથા સુકી છે. ઊત્તપત્તીમાં સોનું, ત્રાંબુ, તથા ઊન. તથા રેહેવાસીમાં એશિયાની હબશી જાતના, ઇ.

સ—ઇંગ્રેજી વસનારાનો મોહટો ભાગ શ્યાકામમાં રોકાયલો છે ?

જ—ખેતિવાડી, ઘેટાં ચરાવવા, તથા સોનું ખોદવામાં.

સ—આસ્ટ્રેલિયામાં સર્વથી મહોટું શેહેર કિયું છે?

જ—મૈલબોરન, તે દક્ષિણમાં છે.

સ—પોલિનિશિયામાં શુ આવેલું છે ?

જ—પાસિફિક મહાસાગરની મધ્યે ઘણા નવાજાના ટાપુઓ

સમાપ્ત.